# દિવ્યજ્યોતિ ટ્રસ્ટ




# દ્વિતીય વાર્ષિક અહેવાલ ૨૦૧૧-૧૨

દિવ્યજ્યોતિ ટ્રસ્ટ

## ટ્રસ્ટી મંડળ


| | | |
|---|---|---|
| ◆ ભરતભાઈ વી. શાહ | પ્રમુખ | સી.એ. |
| ◆ ઉદયભાઈ આર. ગજીવાલા | ઉપપ્રમુખ | એમ.એસ.(ઓપ્થે.) |
| ◆ નલીનભાઈ ડી. શાહ | મંત્રી | બી.કોમ. |
| ◆ વિજયભાઈ એમ. કણીયા | સંયુક્ત મંત્રી | બી.ઈ.(સીવીલ) |
| ◆ માધવીબેન યુ. ગજીવાલા | ખજાનચી | બી.ઈ.(ઈલે.) |
| ◆ ભીખુભાઈ ડી. વ્યાસ | | બી.એ.બી.એડ. |
| ◆ બાલુભાઈ એમ. પટેલ | | ડી.ટેક્ષ |
| ◆ બકુલભાઈ એન. ત્રિવેદી | | એમ.એસ.(ઓપ્થે.) |
| ◆ અમીષભાઈ આઈ. પટેલ | | એમ.એસ.(ઓપ્થે.) |
| ◆ શ્યામસુંદરજી બિયાણી | | – |
| ◆ સુભાષભાઈ આર. શાહ | | બી.એ.એલ.એલ.બી. |
| ◆ જયંતિભાઈ શાહ | | સી.એ. ડી.કોમ. |
| ◆ લાલજીભાઈ પટેલ | | – |



સરનામું :– **દિવ્યજયોતિ ટ્રસ્ટ , તેજસ આંખની હોસ્પિટલ,**
સુથાર ફળિયું, હનુમાન મંદિરની સામે, તા.માંડવી,
જી. સુરત (ગુજરાત). પીનકોડ – ૩૯૪૧૬૦

ફોન નં. :– ૦૨૬૨૩ – ૨૨૧૧૮૦, ૨૨૧૧૯૦
ફેક્સ નં. :– ૦૨૬૨૩ – ૨૨૧૦૯૦

E-mail :- divyajyoti.icare@gmail.com
divyajyoti@divyajyotitrust.org
Website :- www.divyajyotitrust.org


**ટ્રસ્ટને આપવામાં આવતું દાન ઈન્કમટેક્ષની કલમ ૮૦ (જી) હેઠળ કરમુકત છે.**

પ્રિય મિત્રો,

આપ સૌની સમક્ષ દ્વિતિય વાર્ષિક રીપોર્ટ રજૂ કરતાં અત્યંત હર્ષ અનુભવીએ છીએ. ખરેખર તો હોસ્પિટલ શરૂ થયાનું આ પ્રથમ વર્ષ હતું. હોસ્પિટલને અનુરૂપ મકાન લાંબા સમય માટે ભાડા પટે મેળવીને તેમાં જરૂરી સમારકામ ખૂબ જ ઝડપથી કરી શકયા જેનો યશ અમારી ટીમને જાય છે. આમ કાર્ય કરવા માટે બાહ્ય માળખું તૈયાર થઈ ગયું. ત્યારબાદ આવે સાધનો, ખુબ જૂજ હોસ્પિટલમાં આટલા સાધનો હશે એમ કહેતાં અમે ગર્વ અનુભવીએ છીએ. ત્યારબાદ આવે કાર્યકરો, બધા કાર્યકરો મહેનતુ અને નિષ્ઠાવાન છે. પહેલા વર્ષે જ પાંચ પૂર્ણ સમયના આંખના ડોકટરો જોડાયા એ માત્ર પ્રભુકૃપાથી જ શકય બન્યું છે. બધા જ ડોકટરો દર્દીઓની સારી સંભાળ કરે છે અને છેવટે, જેમના માટે આ વિસ્તારમાં કામ શરૂ કર્યું છે, એવા ખરેખર જરૂરિયાતમંદ ગરીબ દર્દીઓ અહીની સેવાઓનો સારો લાભ મેળવી રહ્યા છે જે એક ઊંડો સંતોષ આપે છે. અમારી ધારણા કરતાં વધુ એવા કુલ ૩૬૦૦ ઓપરેશન પ્રથમ વર્ષમાં કરી શકયા છીએ, આમ આ વિસ્તારમાં ખરેખર આવી હોસ્પિટલની જરૂર છે એમ લાગતું હતું તે સાચું ઠર્યું છે. હોસ્પિટલની પ્રથમ વર્ષની કામગીરીનો આંકડાકીય માહિતી સાથેનો અહેવાલ આ જ રીપોર્ટમાં રજૂ કરેલ છે. કેટલીક તાલીમ પ્રવૃત્તિ પણ શરૂ કરી છે. ડો. રોહનભાઈ લંડનમાં કોમ્યુનિટી ઓપ્થેલ્મોલોજીની તાલીમ લઈને આવ્યા હોવાથી રિસર્ચની પ્રવૃત્તિ પણ શરૂ કરી છે.

આ કામ મુખ્યત્વે ગરીબો માટે કરતા હોવાથી કુલ ઓપરેશનમાંથી ૭૫% તદ્દન નિઃશુલ્ક કરવામાં આવ્યા છે. હોસ્પિટલનો મોટાભાગનો ખર્ચ દાન પર આધારિત છે. જેના પર મોટો આધાર રાખ્યો હતો તેવું શેર એન્ડ કેર ફાઉન્ડેશન, અમેરિકાથી આવનાર દાન, ફોરેન કોન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન એકટ હેઠળ પરવાનગી હજુ મળી નથી તેથી આવ્યું નથી. આથી કેટલેક અંશે નાણાકીય કટોકટી અનુભવાય છે પરંતુ સ્થાનિક દાતાઓના ઉદાર હાથે અપાયેલા દાનથી હોસ્પિટલની કાર્યવાહી સરળતાથી થઈ રહી છે. આપ સૌ દાતાશ્રીઓનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. આશા છે , આ પ્રકારનો સહકાર આવતા વર્ષોમાં પણ મળતો રહેશે.

ગુજરાત સરકાર તરફથી નેત્રંગ (પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર) અને ઝંખવાવ (સામુહિક આરોગ્ય કેન્દ્ર) માં ઓપરેશનની કામગીરી કરવાની પરવાનગી ૧ લી એપ્રિલ ૨૦૧૨ થી મળી ગઈ છે. દર્દીઓને ઘરઆંગણે સેવાઓ આપવાની દિશામાં આ દ્વિતીય સોપાન છે.

૧ લી એપ્રિલ ૨૦૧૨ થી માંડવી તાલુકામાં 'અંધજન પુનર્વસન'ની કામગીરી શરૂ કરી છે. જેમાં અંધ લોકો પોતાનું કામ જાતે કરી શકે એવી તાલીમ, અંધ યુવાનોને આર્થિક ઉપાર્જનની તાલીમ અને નાના બાળકોને બ્રેઈલ લિપીથી અભ્યાસ કરાવીને નિયમિત શાળાઓમાં પ્રવેશ અપાવવામાં આવશે.

દર્દીઓની જરૂરિયાત જોતાં, હાલ જે હોસ્પિટલની જગ્યા છે તે ઓછી પડે છે. આ ઉપરાંત ટ્રેનીંગ સેન્ટર તેમજ સ્ટાફ કવાટર્સનીપણ જરૂર છે. અમે હોસ્પિટલની પાછળ આવેલી જમીનમાં આ માટે જરૂરી બાંધકામ કરવા ધારીએ છીએ. જેને માટે પણ નાણાંની જરૂર પડશે.

અમે આપ સૌ શુભેચ્છકો – દાતાઓને અમારી હોસ્પિટલની મુલાકાત લેવા અને સ્ટાફને પ્રોત્સાહિત કરવા તેમજ આ કાર્ય માટે ઉદાર હાથે ફાળો નોંધાવવા નમ્ર અપીલ કરીએ છીએ.

| ભરતભાઈ શાહ | નલિનભાઈ શાહ | ઉદય ગજીવાળા |
|---|---|---|
| પ્રમુખ | સેક્રેટરી | ઉપપ્રમુખ |

૩૦/૦૪/૨૦૧૨ માંડવી

# વીતેલા વર્ષ પર નજર

દિવ્યજ્યોતિ ટ્રસ્ટનું બીજું વર્ષ(એપ્રિલ ૨૦૧૧ થી માર્ચ ૨૦૧૨) પણ ખૂબ ઝડપથી પુરું થઈ ગયું. ૨૨ મે ૨૦૧૧ના રોજ હોસ્પિટલનું વિધિવત્ ઉદ્દ્ઘાટન કરવાનું નકકી કર્યુ પણ તે પહેલાં હોસ્પિટલ માટે જરૂરી ભાડા પટે મેળવેલ મકાનની મરમ્મત; આંખની સારવાર માટે જરૂરી સાધનો – મશીનરીની ખરીદી અને તેનું પ્રસ્થાપન; જરૂરી કુશળતા ધરાવતા સ્ટાફની નિમણૂંક તથા તાલીમ અને કાર્યમાળખુ; હોસ્પિટલ સંચાલન અને વહીવટ માટે સરકારશ્રી તરફથી મેળવવાની જરૂરી કાયદાકીય અનુમતિ, વિજકનેકશન વિગેરે જેવા અનેક કામો કરવા જરૂરી હતા.

સૌ પ્રથમ તો હોસ્પિટલ માટે અનુરૂપ એવા લસ્ટર ડાયમંડ કું.ના મકાનને ભાડા પટે મેળવવા માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી અને લસ્ટર ડાયમંડ કું.ના માલિકોએ તેમના મકાનને માસિક ૧૦૦રૂા.ના ટોકન ભાડાથી આપવા તૈયારી બતાવી અને તેને માટેની કાયદાકીય કાર્યવાહી પૂર્ણ કરી.

ડાયમંડ ફેકટરીના મકાનને ૪૦ પથારીની સંપૂર્ણ સુવિધા સજ્જ આંખની હોસ્પિટલમાં ફેરફાર માટે જરૂરી નકશા શ્રી કમલભાઈ પારેખે તૈયાર કરી આપ્યા. ત્યાર બાદ હોસ્પિટલની મરામતનું અને ઉપર ૧ માળના બાંધકામનું કામ શરૂ થયું. આ કામગીરી માટે ટ્રસ્ટી શ્રી વિજયભાઈ કણીયા તથા તેમના સબકોન્ટ્રાકટર્સ; પ્રમુખ શ્રી ભરતભાઈ શાહ તથા તેમના સિવીલ એન્જિનીયર મિત્રોની ટીમ અને શ્રી નલીનભાઈ શાહના સ્થાનિક સંપર્કોથી ઝડપી મદદ મળી અને આથી હોસ્પિટલના નવિનીકરણનું કામ ૧૯ મે એ પુરું કરી શકયા.

આ દરમિયાન જ નર્સીંગ સ્ટાફ, પેરામેડીકલ વર્કર, ઓપ્થાલ્મીક આસીસ્ટંટ તેમજ હોસ્પિટલ એડમીનીસ્ટ્રેટરની જવાબદારી સંભાળનાર સ્ટાફ કાર્યકરોની તાલીમ સેવા રૂરલ, ઝઘડીયા અને અરવિંદ આઈ હોસ્પિટલ, મદુરાઈમાં કરાવવાનું આયોજન કર્યુ.

હોસ્પિટલનું બાંધકામ પુરું થતાં જ વાયરીંગ કામ; સાધનો – ફર્નિચર વિગેરેની ખરીદી;ભોજનશાળા માટે વાસણોની ખરીદી અને લાઈટ – પંખા, પલંગ, ગાદલા, ચાદરો, રજાઈ વિગેરેની ખરીદીનું કામ કરીને તા.૨૧/૦૫/૨૦૧૧ના રોજ પૂર્ણ રીતે કાર્ય કરી શકે તેવી હોસ્પિટલ તૈયાર થઈ ગઈ.

## ૨૨/૦૫/૨૦૧૧નો કાર્યક્રમ :

જે પળની એક વર્ષથી તૈયારી કરી રહ્યા હતા તે શુભ ઘડી આવી પહોંચી.માંડવી નગરમાં સુથાર ફળિયામાં આવેલા મકાનમાં દિવ્યજ્યોતિ ટ્રસ્ટ સંચાલિત તેજસ આંખની હોસ્પિટલના વિધિવત્ ઉદ્દ્ઘાટન માટે રામકૃષ્ણ મિશન, વડોદરાથી પૂ. સ્વામી નિખિલેશ્વરાનંદજી ઉદ્દ્ઘાટક તરીકે પધાર્યા હતા. પૂ. સ્વામીજીના વરદહસ્તે હોસ્પિટલનું લોકાર્પણ થયું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે માનનીય સાંસદ અને કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રી ડો. તુષારભાઈ ચૌધરી; માનનીય મંત્રી શ્રી મંગુભાઈ પટેલ તથા અતિથિવિશેષ તરીકે ધારાસભ્યશ્રી પ્રભુભાઈ વસાવા; શેર એન્ડ કેર ફાઉન્ડેશનના ટ્રસ્ટી ડો. ભદ્રાબહેન શાહ; આંતરરાષ્ટ્રીય ખ્યાતનામ ડો. પી.એન.નાગપાલ, માંડવી નગરપાલિકાના પ્રમુખ શ્રી નટુભાઈ રબારી; 'છાંયડો' સુરતના પ્રમુખ શ્રી પોપટભાઈ વ્યાસ; તેરાપંથ જૈન શ્વેતાંબર સમાજના શ્રી સંજયભાઈ સુરાના તથા સ્વામીનારાયણ સંપ્રદાયના સાધુગણ તેમજ તેરાપંથ જૈન શ્વેતાંબર સમાજના શ્રમણીજી ઉપસ્થિત રહ્યા હતા. બધા જ વકતાઓએ હોસ્પિટલ તથા તેની સાધન સજ્જતાના બે મોઢે વખાણ કર્યા. આ વિસ્તારમાં આ પ્રકારની સેવાભાવી સંસ્થાની જરૂરીયાત હોવા વિશે પણ સહુ એકમત હતા. આ જ દિવસે લગભગ ૨૦૦૦ જેટલા મોતિયાના ઓપરેશન સ્પોન્સર કરવાની જાહેરાત દાતાઓ દ્વારા કરવામાં આવી જેનાથી અમારો ઉત્સાહ વધ્યો. કુદરતે પણ ઘડીભર અમીછાંટણા કરી આશીર્વાદ વરસાવ્યા.

ઉદ્ઘાટનના દિવસે જ હોસ્પિટલની કામગીરી માટે ખૂબ જરૂરી એવી ૪૦ સીટની આયશર બસ મુંબઈની એશિયન સ્ટાર કં. તરફથી અને ટાટા સુમો વરાછાના શ્રી લવજીભાઇ ડાલીયા (બાદશાહ)પરિવાર સુરત તરફથી દાતાઓએ દિવ્યજયોતિ ટ્રસ્ટને સમર્પિત કરી.

આદરણીય ડો. નાગપાલ સાહેબે(અમદાવાદના આંતરરાષ્ટ્રીય ખ્યાતનામ પડદાના નિષ્ણાંત ) કાર્યક્રમ બાદ ડાયાબિટીસને કારણે આંખના પડદાની તકલીફ વાળા દર્દીઓની તપાસ તથા લેસર દ્વારા સારવારની કામગીરી કરી. આમ વાસ્તવિક રીતે દર્દીની સારવારની કામગીરી ઉદ્ઘાટનના દિવસે જ દેશના ઉત્તમ પડદાના નિષ્ણાંત દ્વારા શરૂ પણ થઈ ગઈ.

પ્રમુખ શ્રી ભરતભાઈ શાહની ૬૧મી વર્ષગાંઠ નિમિત્તે ૨૩/૦૫ ના રોજ માંડવીમાં બેઝ હોસ્પિટલ ખાતે જ નિદાન કેમ્પનું આયોજન કર્યુ હતું. તેને મળેલા અદ્‌ભૂત પ્રતિસાદને જોઈને તરત જ સમજાયું હતું કે આ હોસ્પિટલ સ્થાનિક લોકોને તેમજ માંડવીના અંતરિયાળ વિસ્તારના લોકોને ખૂબ જ ઉપયોગી નીવડશે. ૪૦૦ થી વધુ દર્દીઓની તપાસ થઈ અને ૮૦ જેટલા દર્દીઓ ઓપરેશન માટે નોંધાયા.

શરૂઆતમાં હોસ્પિટલમાં આવતા દર્દીઓને આંખના રોગને લગતી જરૂરી દવા – ઈન્જેકશન વિગેરે ટ્રસ્ટની દવાની દુકાનમાંથી જ આપતા હતા પરંતુ બૃહદ સમાજને લાભ થાય તે માટે સામાન્ય રીતે જરૂરી એવી બધી દવાઓ – આંખના રોગોની દવાઓ સિવાય અન્ય રોગોની દવાઓ પણ ૧૫% રાહતથી અને ચશ્મા કિફાયતી દરે મળી રહે તે માટે ૨ જી ઓકટોબર –'ગાંધી જયંતિ' થી 'જનસેવા દવાની દુકાન' અને 'જનસેવા ચશ્માની દુકાન'ની શરૂઆત, સરકારશ્રી સાથે જરૂરી કાયદાકીય કાર્યવાહી કર્યા બાદ શરૂ કરી. સાથે જ હોસ્પિટલની લેબોરેટરીમાં હવે અન્ય બહારના ડોકટરોએ લખી આપેલ તપાસ પણ અહી કરી આપીએ છીએ. જે તપાસ અહી ન થાય તે માટે સુરતની જયમાલા પેથલેબ સાથે સંકલન કરીને જરૂરી વ્યવસ્થા કરી છે.

<u>**સંસ્થાનું સન્માન :**</u> દિવ્યજયોતિ ટ્રસ્ટના સુપ્રિન્ટેન્ડન્ટ ડો. ઉદય ગજીવાળાને વિઝન ૨૦૨૦ : રાઈટ ટુ સાઈટ, ઈન્ડિયા પ્રોગ્રામ દ્વારા 'VISION AWARD' વડે નવાજવામાં આવ્યા. અલખનયન મંદિર હોસ્પિટલ, ઉદયપુર ખાતે વિશ્વ દષ્ટિ દિવસ નિમિત્તે યોજાયેલ ખાસ કાર્યક્રમમાં રાષ્ટ્રીય અંધત્વ નિવારણ કાર્યક્રમના ડેપ્યુટી ડાયરેકટર જનરલ શ્રીમતી સુજયા ક્રિષ્નનના હસ્તે આ એવોર્ડ આપવામાં આવ્યો. વિઝન ૨૦૨૦: ગુજરાતના પ્રમુખ પદે ડો. ઉદયભાઈની વરણી થઈ છે – અભિનંદન.

<u>**દાતાઓનો સન્માન સમારંભ :**</u> દિવ્યજયોતિ ટ્રસ્ટની પ્રવૃત્તિઓ માટે થતો ખર્ચ મુખ્યત્વે દાન પર આધારિત છે. પરદેશથી મળનાર દાન સરકારશ્રીની અનુમતિના અભાવે હજુ મળ્યું નથી તેવા સંજોગોમાં હોસ્પિટલની પ્રવૃત્તિઓને ટકાવી રાખવા માટે દાતાઓએ જે દાનની સરવાણી વહાવી તેના થકી જ આ કાર્ય થઈ રહ્યું છે જેમાં તેરાપંથ જૈન શ્વેતાંબર સમાજ ઉધના – સુરત તથા સુરત માનવ સેવા સંઘ (છાંયડો) નું યોગદાન ખૂબ અગત્યનું રહ્યું છે. આવા દાતાઓ – શુભેચ્છકો પ્રત્યે કૃતજ્ઞતા ભાવ પ્રગટ કરવા દાતાઓના સન્માન સમારંભનો કાર્યક્રમ ૨૯/૧૦/૨૦૧૧ ના રોજ કરવામાં આવ્યો હતો. તરસાડા આશ્રમના સ્વામીજી શ્રી સવિતાનંદજીની હાજરીમાં સર્વે દાતાઓને સ્મૃતિ ચિહ્‌ન ભેટ આપી તેઓનો હૃદયપૂર્વક આભાર માનવામાં આવ્યો.

<u>**સમાજ પ્રત્યેનું ઉત્તરદાયિત્વ :**</u> દિવ્યજયોતિ ટ્રસ્ટના ધ્યેયમાં સમાજના ગરીબ વર્ગના આરોગ્યને લગતા કામમાં મદદરૂપ થવું એમ હોવાથી ટ્રસ્ટ હંમેશા આવા કામમાં મદદરૂપ થવા તત્પર રહે છે. જેના ભાગરૂપે સંસ્થા અને સુરતના દાતાઓના સહયોગથી તા. ૨૫/૦૯ તેમજ ૦૨/૧૦ ના રોજ ઉમરપાડા વિસ્તારની જુદી જુદી શાળાઓના ધોરણ ૧ થી ૭ ના કુલ ૧૦૦૦ વિદ્યાર્થી – વિદ્યાર્થીઓને યુનિફોર્મ તથા સ્કુલ કીટનું વિતરણ કરવામાં આવ્યું.

ત્યારબાદ લાયન્સ કલબ ઓફ સુરત સીલ્ક સીટી દ્વારા તા. ૨૫/૧૨/૨૦૧૧ ના રોજ અપંગ લોકોને સાધન સહાય માટેના એક કેમ્પના આયોજનમાં હોસ્પિટલ દ્વારા જગ્યા, લાયન્સ કલબના સભ્યોના ભોજનની તથા વાહન વગેરેની વ્યવસ્થા પુરી પાડવામાં આવી. તેમજ તા. ૨૨/૦૨/૨૦૧૨ ના રોજ ફરીથી લાયન્સ કલબ ઓફ સુરત સીલ્ક સીટી દ્વારા સાંભળવાની તકલીફ ધરાવતા લોકો પૈકી આવકના સ્લેબ મુજબ સાંભળવાના મશીનની સહાય કરવામાં આવી તેમાં હોસ્પિટલ દ્વારા દર્દી તપાસની તેમજ અન્ય વ્યવસ્થા પુરી પાડવામાં આવી.

# હોસ્પિટલની કામગીરી

૨૨ મે ૨૦૧૧થી શરૂઆત થયા બાદ દરરોજ ઓ.પી.ડીમાં દર્દીઓની તપાસ થવા માંડી, પરંતુ ઓપરેશન થીયેટરમાં થોડી સાફ સફાઈ, સાધન સામગ્રી વિગેરેની વ્યવસ્થા બાકી હોવાથી ઓપરેશન થીયેટર ૬ જૂન થી શરૂ થયું. એટલે ૨૨ મે થી ૬ જૂન દરમિયાન તપાસ કરાવવા આવેલ દર્દીઓને ૬ જુન પછીની તારીખ આપી ઓપરેશન માટે બોલાવવામાં આવ્યા. શરૂઆતમાં ડો. રોહનભાઈ તથા ડો. હેતલબહેન તાલીમ માટે અનુક્રમે લંડન તેમજ મદુરાઈ ગયા હોવાથી સુરતના ડો. જગદીપભાઈ જોધીપુરા, બારડોલીના ડો. નીલેશભાઈ નાયક તેમજ સુરતના ડો.પરીનભાઈની મદદ મેળવી ડો.ઉદયભાઈએ ઓપરેશનની કાર્યવાહી શરૂ કરીને હોસ્પિટલને ગતિમાં મૂકી.આ દરમિયાન પડદાના નિષ્ણાંત વડોદરાના ડો. માધવીબહેન શેઠ તથા અમદાવાદના ડો.અમીષભાઈ પટેલ; ઝામરના નિષ્ણાંત મુંબઈના ડો. મીનાબહેન દોશી તથા અમદાવાદના ડો.વૈશાલીબહેન સીગ; ફેકો સર્જરીના નિષ્ણાંત મુંબઈના ડો. બીજલબહેન મહેતા; ઓકયુલોપ્લાસ્ટીના નિષ્ણાંત અમદાવાદનાં ડો. બકુલભાઈ ત્રિવેદી; બાળકોના નિષ્ણાંત સુરતના ડો. નિતીનભાઈ જૈનની મહિનામાં એકવાર નિયમિત મુલાકાતનું આયોજન અને ટાઈમટેબલ તૈયાર કર્યુ.

જુન ૧૧ થી વ્યારાના ડો. શીતલબહેન ચૌધરી જોડાયા અને ત્યારબાદ ઓગષ્ટ – ૨૦૧૧થી ડો. કામિનીબહેન પટેલ જોડાયા. ઓકટોબર ૨૦૧૧થી ડો. રોહનભાઈ લંડનથી કોમ્યુનિટી ઓપ્થેલ્મોલોજીની ૧ વર્ષની તાલીમ પુરી કરીને જોડાઈ ગયા. આમ કુલ ૪ ફુલ ટાઈમ ડોકટર્સની મદદથી દૈનિક ૬૦ થી ૭૦ દર્દીઓની તપાસ અને શરૂઆતમાં ૮ થી ૧૦ ઓપરેશનથી શરૂ કરીને ૨૫–૩૦ ઓપરેશનો કરવાના શરૂ થઈ ગયા. બધા જ ડોકટરો ખુબ સારી રીતે દર્દીઓની તપાસ અને સારવારની કામગીરી સંભાળી રહ્યા છે – દર્દીઓ પણ ખુબ ખુશ છે. ડો. શીતલબહેન તથા ડો. રોહનભાઈ ફેકો ઇમલ્સીફીકેશન પદ્ધતિ દ્વારા ખુબ સરસ ઓપરેશનો કરી રહ્યા છે જેને કારણે સ્થિતિપાત્ર દર્દીઓ પણ ધીમે ધીમે આવવાના શરૂ થઈ ગયા છે.

બહારના નિષ્ણાંતોની મદદથી પડદો, ઝામર, કીકી, આંખની પ્લાસ્ટીક સર્જરી તથા નાના બાળકોની આંખની સારવાર જેવી કામગીરી પણ નાના પાયે શરૂ તો થઈ જ હતી, તેવામાં પડદાના નિષ્ણાંત ડોકટર ડો. ખુશ્બુબહેન જાન્યુઆરી ૨૦૧૨ થી જોડાયા. એમના જોડાવાથી પડદાના રોગોની સારવારની કામગીરીને ઘણો વેગ મળ્યો છે. દુર દુરથી દર્દીઓ તેમને બતાવવા માટે આવી રહ્યા છે કારણકે રાહત દરે/નિઃ શુલ્ક પડદાના રોગોની સારવાર દક્ષિણ ગુજરાતમાં એક બે હોસ્પિટલ સિવાય કયાંય ઉપલબ્ધ નથી.

ડો. હેતલબહેન સોલંકી કે જેઓ આંખની કીકીના રોગોની દોઢ વર્ષની ફેલોશીપ માટે જુન–૨૦૧૧થી અરવિંદ આઈ હોસ્પિટલ – મદુરાઈ ગયા છે તેઓ તાલીમ પુરી કરીને ડિસેમ્બર – ૨૦૧૨થી સંસ્થામાં જોડાશે.

ટુંક સમયમાં મેચીગ ગ્રાંટ પ્રોજેકટ હેઠળ રોટરી કલબ ઓફ સુરત રાઉન્ડ ટાઉન દ્વારા કીકી બદલવા માટે જરૂરી સાધનો તથા કાકરાપાર એટમીક પાવર સ્ટેશન દ્વારા પડદાના ઓપરેશન માટે જરૂરી સાધનો ઉપલબ્ધ થઈ જશે. આમ થતાં હોસ્પિટલ સાધનોની દષ્ટિએ વધુ સુસજજ બની જશે. આંખના દરેક પ્રકારના ઓપરેશન અહી થઈ શકે એ પરિસ્થિતી હવે હાથવેંતમાં જ છે. કોઈપણ ગરીબ દર્દીએ અહી આવ્યા બાદ કોઈ પણ ઓપરેશન માટે બીજે જવાની જરૂર રહેશે નહી.

એક વર્ષ જેટલા ટૂંકાગાળામાં જ દુરદુરના વિસ્તારના દર્દીઓ અહી આંખની સારવાર માટે આવવા શરૂ થઈ ગયા છે. શિયાળામાં ૪૦ પથારીઓ ઓછી પડતી હતી – એક દિવસ વધુમાં વધુ ૬૩ દર્દીઓ હોસ્પિટલમાં દાખલ હતા. અમારે બંને ડોરમીટરી વોર્ડમાં ફેરવી નાંખવી પડી. કીકીના રોગના ઘણાં દર્દીઓ આવે છે તેમને દાખલ રાખવાની સુવિધા ટુંકી પડે છે. વેઈટીંગ એરીયા પણ નાનો પડે છે. પડદાના ડોકટર માટે તથા રીસર્ચની કામગીરી માટે ઓફિસ નથી ઉપલબ્ધ કરાવી શકયા. આમ, હોસ્પિટલમાં અત્યારથી જ જગ્યાની તંગી વર્તાઈ રહી છે. આવતા શિયાળામાં કેવી રીતે વ્યવસ્થા સંભાળીશું તે એક પ્રશ્ન છે.

બીપીએલ કાર્ડ ધારકો માટે ગુજરાત સરકારે લીધેલ વીમો – રાષ્ટ્રીય સુરક્ષા વિમા યોજનામાં આપણે જોડાઈ ગયેલ છીએ.

## હોસ્પિટલમાં ઉપલબ્ધ સુવિધાઓની માહિતી :

(૧) દાખલ દર્દીઓ માટે ૪૦ પથારીની સગવડ
(૨) સેમીસ્પેશિયલ રૂમ તથા એરકન્ડીશન્ડ સ્પેશિયલ રૂમ
(૩) આંખમાં ચેપ લાગ્યો હોય તેવા દર્દીઓ માટે અલાયદી વ્યવસ્થા – આઈસોલેશન વૉર્ડ
(૪) ૨૪ કલાક તાત્કાલિક સારવારની સગવડ
(૫) ૩ ઓપરેશન થિયેટરો
(૬) આંખના વિવિધ રોગો માટે સ્પેશિયલ ક્લિનીકની સગવડ
(૭) લેબોરેટરીની સુવિધા
(૮) જનસેવા મેડિકલ સ્ટોર તથા જનસેવા ઑપ્ટિકલ સ્ટોર દ્વારા રાહતદરે દવા અને ચશ્માની સગવડ
(૯) દર્દી તથા એક સગા માટે મફત જમવાની સગવડ–"કસ્તુરી" ભોજનશાળા
(૧૦) લાયબ્રેરીની સગવડ – સમાચાર પત્રો તથા આધ્યાત્મિક અને અન્ય પુસ્તકો સહિત
(૧૧) દાદર ચઢવાની તકલીફવાળા દર્દીઓ માટે લીફટની સગવડ
(૧૨) આરામદાયક ખુરશીઓ સહિતનું વિરામ – ક્ષેત્ર
(૧૩) દર્દી તથા સગાઓના મનોરંજન માટે ટીવીની સગવડ
(૧૪) મિનરલ વોટર પ્લાન્ટ તથા કુલર સહિત પીવાના પાણીની સગવડ
(૧૫) ૧૫ કે.વી.એ તથા ૩૫ કે.વી.એ ડિઝલ જનરેટરની સુવિધા

## હોસ્પિટલમાં ઉપલબ્ધ આધુનિક સાધનોની સૂચિ :

(૧) યાગ લેસર–મોતિયાની શસ્ત્રક્રિયા પછી થતી છારી કાઢવા માટે
(૨) ફોટો સ્લીટ લેમ્પ–આંખના વિવિધ રોગોના ફોટા પાડવા માટે તથા અન્ય કર્મચારીવર્ગની તાલીમ માટે
(૩) ઓ.સી.ટી. મશીન – એન્ટીરીયર/ પોસ્ટીરીયર સેગમેન્ટ સોફટવેર સાથે–આંખના વિવિધ રોગોના ત્રિપરીમાણીય અભ્યાસ માટે
(૪) કલીનીકલ સ્પેકયુલર માઈક્રોસ્કોપ–દર્દીની કીકીના જીવિત કોષોની સંખ્યા જાણવા માટે
(૫) વિઝયુઅલ ફિલ્ડ એનેલાઈઝર–ઝામરના દર્દીના દષ્ટિના ક્ષેત્રની તપાસ કરવા માટે
(૬) ફ્રીકવન્સી ડબલ્ડ ગ્રીન લેઝર–ડાયાબિટીસ, બ્લડ પ્રેશર વિગેરે રોગોના દર્દીના પડદાની સારવાર માટે
(૭) ડીજીટલ ફન્ડસ કેમેરા–આંખના પડદાની એન્જીયોગ્રાફી કરવા માટે
(૮) એ–બી કમ્બાઈન્ડ સ્કેન–આંખની સોનોગ્રાફી કરવા માટે તથા એ સ્કેન - આંખમાં આરોપણ કરવામાં નેત્રમણીનો નંબર તપાસ કરવા માટે.
(૯) ઑટોરીફ્રેકટર–કોમ્પ્યુટર દ્વારા આંખના નંબરની તપાસ કરવા માટે
(૧૦) ઓટોમેટેડ લેન્સોમીટર–દર્દીના ચશ્માના કાચનો નંબર જાણવા માટે
(૧૧) ફેકો મશીન–ફેકો પદ્ધતિ વડે મોતિયાના ઓપરેશન કરવાનું મશીન
(૧૨) ઓ.એમ. એસ. – ૭૧૦ માઈક્રોસ્કોપ (કલોઝ સર્કીટ ટીવી કેમેરા સાથે)
(૧૩) હાઈસ્પીડ ઑટોકલેવ મશીન તથા ઈથિલીન ઓકસાઈડ ગેસ સ્ટરીલાઈઝર
(૧૪) પેકીમીટર – કીકીની જાડાઈ માપવાનું મશીન.
(૧૫) નોન કોન્ટેકટ ટોનોમીટર – આંખનું દબાણ માપવા માટેનું સાધન.

## હોસ્પિટલની ઓ.પી.ડી. કામગીરીની આંકડાકીય માહિતી (૨૨મી મે ૨૦૧૧ થી માર્ચ ૨૦૧૨)

| ઓ.પી.ડી. | | | | બાળકો | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | કુલ | બિનઆદિવાસી | આદિવાસી | કુલ |
| | નવા | ૪૭૨૬ | ૩૭૧૭ | ૪૦૦ | ૨૯૧ | ૯૧૩૪ | ૩૯૬૧ | ૫૫૩૮ | ૯૪૯૯ |
| | જૂના | ૩૯૦૦ | ૩૩૭૩ | ૩૦૯ | ૧૭૪ | ૭૭૫૬ | ૩૧૮૯ | ૪૨૦૨ | ૭૩૯૧ |
| | કુલ | ૮૬૨૬ | ૭૦૯૦ | ૭૦૯ | ૪૬૫ | ૧૬૮૯૦ | ૭૧૫૦ | ૯૭૪૦ | ૧૬૮૯૦ |

## જીલ્લાવાર હોસ્પિટલમાં આવેલ દર્દીની આંકડાકીય માહિતી (૨૨મી મે ૨૦૧૧ થી માર્ચ ૨૦૧૨)

| રાજય | જીલ્લો | નવા | જુના | કુલ | દાખલ દર્દી |
|---|---|---|---|---|---|
| ગુજરાત | | | | | |
| | સુરત | ૮૩૬૭ | ૭૩૪૧ | ૧૫૭૦૮ | ૨૩૧૪ |
| | તાપી | ૩૨૨ | ૧૮૪ | ૫૦૬ | ૩૪૬ |
| | ભરૂચ | ૨૧૨ | ૧૨૩ | ૩૩૫ | ૨૭૯ |
| | નર્મદા | ૬૨ | ૫૨ | ૧૪૪ | ૫૦ |
| | ડાંગ | ૫૩ | ૫ | ૫૮ | ૨૬ |
| | નવસારી | ૩૬ | ૨૬ | ૬૨ | ૧૧ |
| | કુલ | ૯૦૫૨ | ૭૭૩૧ | ૧૬૭૮૩ | ૩૦૨૬ |
| અન્ય | | | | | |
| | અન્ય | ૩૫ | ૭ | ૪૨ | ૧૨ |
| | કુલ | ૩૫ | ૭ | ૪૨ | ૧૨ |
| મહારાષ્ટ્ર | | | | | |
| | નંદરબાર | ૪૬ | ૧૪ | ૬૦ | ૧૦૧ |
| | અકોલા | ૧ | ૪ | ૫ | ૦ |
| | કુલ | ૪૭ | ૧૮ | ૬૫ | ૧૦૧ |
| | કુલ | ૯૧૩૪ | ૭૭૫૬ | ૧૬૮૯૦ | ૩૧૩[illegible] |

## સ્પેશ્યલ કલીનીક દ્વારા થયેલી કામગીરીની આંકડાકીય માહિતી (૨૨મી મે ૨૦૧૧.થી માર્ચ ૨૦૧૨)

| કલીનીક | ઓ.પી.ડી. | ઓપરેશન |
|---|---|---|
| પડદાની તપાસ | ૯૭૦ | ૧૫૬ |
| ઝામરની તપાસ | ૮૮ | ૧૭ |
| કીકીના રોગોની તપાસ | ૭૪ | ૩૮ |
| આંખની પ્લાસ્ટીક સર્જરી | ૯૧ | ૪૧ |
| બાળકોની આંખની સર્જરી | ૫૭ | ૧૪ |
| કુલ | ૧૨૮૦ | ૨૬૬ |



જુદા જુદા પ્રકારના ઓપ

| ઓપરેશનનો પ્રક |
|---|
| મોતિયો (ફેકો વડે નેત્રમણિ સહિત |
| મોતિયાનું ટાંકા વગર નેત્રમણી સા |
| સાદો મોતિયો – નેત્રમણિ વિના |
| મોતિયો+ઝામર+નેત્રમણી |
| મોતિયો+વેલ+નેત્રમણી |
| ઝામર |
| કીકી બદલવાનું ઓપરેશન |
| એવાસ્ટીન ઈન્જેકશન |
| વેલ |
| ખસી ગયેલ પડદાનું ઓપરેશન |
| વિટ્રેકટોમી |
| નાસુરનું ઓપરેશન |
| ઈન્ટ્રાવિટ્રીયલ ઈન્જેકશન |
| અન્ય |
| આંખમાં પડેલ કચરું કાઢવાનું |
| મોતિયા પછી થતી છારી કાપવા |
| લેસર વડે પડદાની સારવાર |
| કુલ |

હોસ્પિટલ દ્વારા ગ્રામ્ય વિસ્તા
કરીને જુદા જુદા કન્સલ્ટન્ટ નિયમિત રી
આયોજન કર્યુ. આમાં નીચે મુજબના નિ

### દિવ્યજયોતિ ટ્રસ્ટમાં નિયમિત

(૧) ડો. માધવીબહેન શેઠ
(૨) ડો. અમીષભાઈ પટેલ
(૩) ડો. બીજલબહેન મહેતા
(૪) ડો. પ્રકાશભાઈ નાયક
(૫) ડો. મીનાબહેન દોશી
(૬) ડો. વૈશાલીબહેન સીગ
(૭) ડો.નિતીનભાઈ જૈન
(૮) ડો.બકુલભાઈ ત્રિવેદી
(૯) ડો. નીલેશભાઈ નાયક
(૧૦) ડો. પરીનભાઈ શાહ
(૧૧) ડો. જગદીપભાઈ જોષીપુરા
(૧૨) ડો. રોહિતભાઈ ગજીવાળા

આમ લગભગ બધા જ પ્રકા
સરસ રીતે થઈ શકે છે.

## જુદા જુદા પ્રકારના ઓપરેશનની આંકડાકીય માહિતી(૨૨મી મે ૨૦૧૧ થી માર્ચ ૨૦૧૨)

| ઓપરેશનનો પ્રકાર | પૈસા ભરેલ | નિ:શુલ્ક | કેમ્પ (નિ:શુલ્ક) | કુલ |
|---|---|---|---|---|
| મોતિયો (ફેકો વડે નેત્રમણિ સહિત) | ૧૧૯ | ૯૩ | ૨૭૪ | ૪૮૬ |
| મોતિયાનું ટાંકા વગર નેત્રમણી સાથે | ૧૭૮ | ૫૮૦ | ૧૪૩૦ | ૨૧૮૮ |
| સાદો મોતિયો – નેત્રમણિ વિના | ૧ | ૧૯ | ૬ | ૨૬ |
| મોતિયો+ઝામર+નેત્રમણી | ૧ | ૪ | ૨ | ૭ |
| મોતિયો+વેલ+નેત્રમણી | ૧ | ૪ | ૧૩ | ૧૮ |
| ઝામર | ૦ | ૧૦ | ૦ | ૧૦ |
| કીકી બદલવાનું ઓપરેશન | ૫ | ૩૦ | ૩ | ૩૮ |
| એવાસ્ટીન ઈન્જેકશન | ૮૦ | ૩૯ | ૭ | ૧૨૬ |
| વેલ | ૨૨ | ૨૪ | ૩૩ | ૭૯ |
| ખસી ગયેલ પડદાનું ઓપરેશન | ૨ | ૮ | ૦ | ૧૦ |
| વિટ્રેકટોમી | ૮ | ૨૦ | ૩ | ૩૧ |
| નાસુરનું ઓપરેશન | ૯ | ૮ | ૨ | ૧૯ |
| ઈન્ટ્રાવિટ્રીયલ ઈન્જેકશન | ૮ | ૮ | ૦ | ૧૬ |
| અન્ય | ૩૭ | ૪૩ | ૧૪ | ૯૪ |
| આંખમાં પડેલ કચરું કાઢવાનું | ૧૧૨ | ૬૦ | ૦ | ૧૭૨ |
| મોતિયા પછી થતી છારી કાપવાનું લેસર | ૧૩૦ | ૮૫ | ૧૦ | ૨૨૫ |
| લેસર વડે પડદાની સારવાર | ૩૫ | ૧૨ | ૦ | ૪૭ |
| **કુલ** | **૭૪૮** | **૧૦૪૭** | **૧૭૯૭** | **૩૫૯૨** |

હોસ્પિટલ દ્વારા ગ્રામ્ય વિસ્તારના લોકોને આંખના બધા જ રોગોની સારવાર મળી રહે તે હેતુ હોવાથી શરૂઆતથી જ પ્રયત્નો કરીને જુદા જુદા કન્સલટન્ટ નિયમિત રીતે આવીને દર્દીઓને તપાસે તેમ જ ઓપરેશનની જરૂરીયાતવાળાના ઓપરેશન પણ કરી શકે તેવું આયોજન કર્યુ. આમાં નીચે મુજબના નિષ્ણાંતોની સેવાઓ મળી રહી છે.

## દિવ્યજયોતિ ટ્રસ્ટમાં નિયમિત સેવા આપનાર તજજ્ઞોની યાદી

| | | | |
|---|---|---|---|
| (૧) | ડો. માધવીબહેન શેઠ | વડોદરા | પડદાના નિષ્ણાંત |
| (૨) | ડો. અમીષભાઈ પટેલ | અમદાવાદ | પડદાના નિષ્ણાંત |
| (૩) | ડો. બીજલબહેન મહેતા | મુંબઈ | કીકી બદલવાના નિષ્ણાંત + ફેકો સર્જરીના નિષ્ણાંત |
| (૪) | ડો. પ્રકાશભાઈ નાયક | મુંબઈ | કીકી બદલવાના નિષ્ણાંત |
| (૫) | ડો. મીનાબહેન દોશી | મુંબઈ | ઝામરના નિષ્ણાંત |
| (૬) | ડો. વૈશાલીબહેન સીગ | અમદાવાદ | ઝામરના નિષ્ણાંત |
| (૭) | ડો.નિતીનભાઈ જૈન | સુરત | બાળકોની આંખના રોગના નિષ્ણાંત |
| (૮) | ડો.બકુલભાઈ ત્રિવેદી | અમદાવાદ | આંખની પ્લાસ્ટિક સર્જરીના નિષ્ણાંત |
| (૯) | ડો. નીલેશભાઈ નાયક | બારડોલી | આંખના જનરલ સર્જન + ફેકો સર્જરીના નિષ્ણાંત |
| (૧૦) | ડો. પરીનભાઈ શાહ | સુરત | આંખના જનરલ સર્જન + ફેકો સર્જરીના નિષ્ણાંત |
| (૧૧) | ડો. જગદીપભાઈ જોષીપુરા | સુરત | આંખના જનરલ સર્જન + ફેકો સર્જરીના નિષ્ણાંત |
| (૧૨) | ડો. રોહિતભાઇ ગજીવાળા | સુરત | એનેસ્થેટીસ્ટ |

આમ લગભગ બધા જ પ્રકારના મુખ્ય રોગોની સારવાર અહી જ ઉપલબ્ધ હોવાથી રીસર્ચ અને તાલીમની કામગીરી પણ ઘણી સરસ રીતે થઈ શકે છે.

# હવે સ્વપ્ન થશે સાકાર !!

નંદુરબાર જિલ્લાના અકકલકુવા તાલુકામાં આવેલા ખાપર ગામની કન્યાની આ વાત છે. સુનિતા ૨૧ વર્ષની યુવતી છે જેણે ધોરણ ૧૦ સુધીનો અભ્યાસ કર્યો છે. સુનિતા તેની માતા કોમલબહેન સાથે રહે છે, કુટુંબમાં અન્ય કોઈ નથી. બંને મા – દીકરી મજૂરી કરી ગુજરાન ચલાવે છે.

અચાનક ઓપરેશન કરાવ્યાના છ માસ અગાઉ સુનિતાની આંખ લાલ થઈ ગઈ અને નજીકના દવાખાનામાં બતાવ્યું પણ તાત્કાલિક સાચી અને યોગ્ય સલાહ, સારવાર ન મળતાં તેને દેખાતું બંધ થઈ ગયું. થોડા સમય બાદ અન્ય એક હોસ્પિટલમાં દાખલ થયા જ્યાં આઠ દિવસની સારવાર દરમિયાન તેની કીકીમાં લાગેલો ચેપ મટાડી દેવાયો પણ દષ્ટિ પાછી મેળવવાનું કામ બાકી હતું.

તેજસ આંખની હોસ્પિટલ દ્વારા ખાપર ગામમાં ૦૯/૧૦/૨૦૧૧ ના રોજ નિદાન કેમ્પ યોજાયો હતો. જેમાં સુનિતાબહેનને તેના મમ્મી લઈ આવ્યા હતા. ત્યાંથી તેમને હોસ્પિટલ બતાવવા આવવા જણાવ્યું હતું અને તેઓ ૧૧/૧૦/૨૦૧૧ ના રોજ હોસ્પિટલમાં બતાવવા આવ્યા હતા. અહી તેની કીકીઓ જે સફેદ થઈ ગઈ હતી અને તેના પર લોહીની નળીઓ ફૂટી નીકળી હતી તેને બંધ કરવાનું ઓપરેશન (પેરીટોમી) કરવામાં આવ્યું.

હવે તેણે નેત્રદાનમાં સારી કીકી મળે તે માટે રાહ જોવાની હતી. પરંતુ તેના નસીબનો સિતારો અચાનક ચમકયો. નજીકના ગામેથી ચક્ષુદાન મળતાં તેની એક આંખનું કીકી બદલવાનું ઓપરેશન કરવામાં આવ્યું. બીજા દિવસથી તેને દેખાવાનું શરૂ થઈ ગયું. ચક્ષુદાનમાં મળેલ બે આંખોમાંથી એક આંખ સુનિતા માટે વપરાઈ ગઈ. બીજી આંખ પણ ૯૬ કલાકમાં વાપરી લેવી પડે – કીકી બદલવાની જરૂરીયાતવાળા અન્ય જે દર્દીઓ નામ નોંધાવી ગયા હતા તેમનો ફોન દ્વારા સંપર્ક કરવામાં આવ્યો તો તેઓએ હાલ સમય ન હોવાનું જણાવ્યું. નજીકના જ ગામની નીતા (૨૦ વર્ષની યુવતી ) ફોન દ્વારા સંપર્ક કરવામાં આવતાં હોસ્પિટલ આવી તો ખરી, પણ તે તો જાણ કરવા આવી કે તે ગર્ભવતી હોવાથી હાલ ઓપરેશન કરાવવા માંગતી નથી. અમારી સમક્ષ એક મુશ્કેલ પ્રશ્ન ઊભો થયો – દાનમાં મળેલ સારી આંખ સમયસર વાપરી ન શકીએ તો કોઈકે સારા હેતુથી આપેલ ચક્ષુદાન નકામું જાય. અમે અંદરોઅંદર ચર્ચા કરી સુનિતાને જ બીજી આંખે પણ કીકી બદલવાનું ઓપરેશન બે જ દિવસ પછી કરી આપ્યું. સામાન્યપણે બે દિવસના અંતરે કીકી બદલવાનું ઓપરેશન એક જ દર્દીનું કરવામાં આવતું નથી. દવા, ઓપરેશનનો ખર્ચ, ચશ્મા વિગેરે તેની આર્થિક સ્થિતિ જોતાં નિઃશુલ્ક આપ્યા. હવે જેટલી વાર સુનિતા બતાવવા માટે આવે છે તેટલી વાર દવાઓ નિઃશુલ્ક આપવામાં આવે છે.

સુનિતાના અંધત્વના સમયગાળા દરમિયાન માતા કોમલબહેને ઘણી મુશ્કેલી વેઠી, એક તો સુનિતા દેખી ન શકે તેથી ઘરનું કામ ઠીક ન કરી શકે; બહાર મજૂરીએ પણ ન જઈ શકે તેથી આવક પણ ઘટી ગઈ, ઘરનું કામ અને સુનિતાની દેખરેખનું કામ વધ્યું. આમ, આવા અંધકારભર્યા દિવસો વિતાવ્યા બાદ સુનિતાની દષ્ટિ પુનઃ પ્રાપ્ત થતાં તેમના જીવનમાં નવો સૂર્ય ઉગ્યો.

હવે સુનિતા માટે લગ્નની ચર્ચા ચાલે છે પરંતુ તે પોતે નોકરી કરી પગભર થઈ માતાને મદદરૂપ થવા માંગે છે. વળી તેને પગે થોડી તકલીફ પણ છે આથી તેને બીજા પર બોજારૂપ થવા કરતાં સ્વતંત્ર થવું પસંદ છે અને આંખની મુશ્કેલી દૂર થતાં હવે પોતે જોયેલું સ્વપ્ન સાકાર થવા અંગે તે આશાવાદી છે.

છેલ્લે હોસ્પિટલમાંથી રજા લેતી વખતે સુનિતા અને તેની માતાની આંખોમાં ખુશીની ચમક જોતાં જ અમારો થાક દૂર થઈ જાય છે અને આવી અનેક સૂનિતાના સ્વપ્ન સાકાર કરવામાં નિમિત્ત બનાવવા માટે પ્રભુને પ્રાર્થના કરીએ છીએ.

આપણી સંસ્કૃતિમાં દાનનો મહિમા અનેરો છે. અન્નદાન, વસ્ત્રદાન, વિદ્યાદાન; એ તો પુરાતનકાળથી પ્રચલિત છે. હવે આધુનિક વિજ્ઞાનની મદદથી દષ્ટિદાન પણ શકય બન્યું છે.

ચક્ષુદાન તથા કીકી બદલવાના ઓપરેશનની વધુ કામગીરી કરવા માંગીએ છીએ તેથી આઈ ડોનેશન સેન્ટરની માન્યતા આઈ બેંક એસોશીયેશન ઓફ ઈન્ડિયા પાસેથી મેળવી લીધી છે.હયુમન ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ એકટ અંતર્ગત સરકારના આરોગ્ય વિભાગમાં નોંધણીની પ્રક્રિયા ચાલી રહી છે. આજુબાજુના ગામોમાંથી ચક્ષુદાન મળવાનું પણ નાનાપાયે શરૂ થયું છે.

## તાલીમ કાર્યક્રમ

હોસ્પિટલની શરૂઆત કરતાં પહેલાં નર્સીંગ સ્ટાફ, ઓપ્થેલ્મીક આસીસ્ટંટ તેમજ હોસ્પિટલ એડમીનીસ્ટ્રેટરની તાલીમનું આયોજન કર્યું અને તેમની તાલીમપૂર્ણ થયે કામગીરી શરૂ કરવામાં આવી. પરંતુ જોત જોતામાં કામ ખૂબ ઝડપથી વધવાને કારણે નર્સીંગ તેમજ પેરામેડીકલ સ્ટાફની અછત વર્તાવા માંડી, વળી ગામમાં તાલીમ પામેલા નર્સ કે પેરામેડીકલ વર્કર ન મળે અને મળે, તો લાંબો સમય ટકીને કામ કરે એવી સંભાવના ખૂબ ઓછી હોવાથી સ્થાનિક યુવાન યુવતીઓને જ તાલીમ આપીને તૈયાર કરવાનું નક્કી કર્યું.સાધનોની જાળવણીની દોઢ મહિનાની તાલીમ માટે એક કાર્યકરને વેણુ આઈ ઈન્સ્ટીટયુટ,દિલ્હી મોકલવામાં આવ્યા.

વર્ષ દરમિયાન ઓપ્થેલ્મીક આસીસ્ટંટ, નર્સીંગ સ્ટાફ, ઓટી બોય અને ચશ્મા ફીટીંગની તાલીમ આપવાનું આયોજન કરીને આ તાલીમ પૂર્ણ કરી અને હોસ્પિટલના કામની જરૂરિયાત મુજબ કુશળ કાર્યકરો મેળવી શકયા.

ઓપ્થેલ્મીક આસીસ્ટંટની તાલીમમાં બહારના એક તાલીમાર્થી, જેઓ બિહારના પટણાથી આવ્યા. તેમણે તેમની ૪ માસની તાલીમ માર્ચ – ૨૦૧૨માં સફળતાથી પૂર્ણ કરી. અન્ય ૪ સ્થાનિક તાલીમાર્થી, ઓપ્થેલ્મીક આસીસ્ટંટ તરીકે હોસ્પિટલમાં જ કાર્યરત થઈ ગયા.

આ ઉપરાંત તાલીમના ભાગરૂપે સાઈટસેવર્સ ઈન્ટરનેશનલના જુદા જુદા કેન્દ્ર પરથી ૨૨ લોકો, ૨ દિવસની 'હોસ્પિટલની મૂલ્યાંકન કરવાની પધ્ધતિ'ના વર્કશોપ માટે ખાસ માંડવી આવ્યા અને હોસ્પિટલની કામગીરી વિશે પણ સમજયા હતા. આ તાલીમાર્થીઓ દેશના જુદા જુદા ખૂણેથી – કન્યાકુમારી, બેંગ્લોર, વિશાખાપટ્ટનમ, ઋષિકેશ, ભોપાલ વિગેરે સ્થળેથી આવ્યા હતા.

## નિદાન કેમ્પ

દિવ્યજયોતિ ટ્રસ્ટનો મૂળભૂત હેતુ માંડવીની આજુબાજુના અંતરિયાળ વિસ્તારના ગરીબ લોકોને ઘરઆંગણે આંખના આરોગ્યની સેવાઓ પૂરી પાડવાનો હોવાથી, શરૂઆતથી જ નિદાન કેમ્પના આયોજન અને અમલીકરણ પર સંપૂર્ણ નિષ્ઠાથી ભાર મૂકયો હતો.

શરૂઆતમાં જ આખા વર્ષમાં કયાં કયાં નિદાન કેમ્પ કરીશું, તેનું ટાઈમટેબલ બનાવી દેવામાં આવ્યું. અઠવાડિયામાં બે નિદાન કેમ્પનું નિયમિત આયોજન કરવામાં આવ્યું. આમ કુલ જૂન ૨૦૧૧ થી માર્ચ ૨૦૧૨ દરમિયાન ૭૩ નિદાન કેમ્પ થયા. કેમ્પમાં આંખની તપાસ કર્યા બાદ જે દર્દીને ઓપરેશનની જરૂર જણાય, તેમને સંસ્થાની ૪૦ સીટની બસ દ્વારા બેઝ હોસ્પિટલ પર લાવવામાં આવે છે. બીજે દિવસે ઓપરેશન કરવામાં આવે અને ત્રીજે દિવસે ફરીથી બસ દ્વારા તેમને તેમના ગામ પહોંચાડવામાં આવે છે. કેમ્પમાંથી આવેલા ગરીબ દર્દીને તથા તેના ૧ સગાને આ બધા જ સમયનું જમવાનું, ચા–નાસ્તો તથા રહેવાનું તેમજ ઓપરેશન, દવા, ચશ્મા હોસ્પિટલમાં જ વિના મૂલ્યે પુરા પાડવામાં આવે છે. આવા નિદાન કેમ્પ યોજવા માટે નક્કી કરેલી રકમથી કેમ્પ સ્પોન્સર કરી શકાય છે. આવા કેમ્પ કરવા માટે આ વર્ષ દરમિયાન કેમ્પ સ્પોન્સરનો સહકાર ખૂબ જ સારો મળી રહ્યો. આ કેમ્પના આયોજનમાં મુખ્યત્વે સુરતના શ્રી રામજીભાઈ ચાંદક, કોસંબાના શ્રી બહાદુરસિંહ ચૌહાણ – શ્રી અરવિંદભાઈ ભટ્ટ – ઊટીયાદરાના શ્રી બચુભાઈ પટેલ, માંડવીના શ્રી નિમેષભાઈ શાહ તથા અમારા ટ્રસ્ટી શ્રી નલિનભાઈ શાહ વિગેરે સદ્‌ગૃહસ્થોનો ઘણો સહકાર મળ્યો. સ્થાનિક સરપંચ–શાળાના આચાર્ય વિગેરેનો પણ હકારાત્મક પ્રતિભાવ લગભગ દરેક જગ્યાએ મળી રહ્યો.

નિદાન કેમ્પ દ્વારા સુરત જીલ્લો , તાપી જીલ્લો તથા નર્મદા – ભરૂચ – નવસારી – ડાંગ જીલ્લાના વિસ્તારો તથા મહારાષ્ટ્રના અકકલકુવા તાલુકા સુધીનો વિસ્તાર આવરી રહ્યા છીએ. અહી થી ૧૫૦ કિ.મી. દુર સુધી જઈને આ વિસ્તારની લગભગ ૨૫ લાખની વસ્તીને સેવાઓ પુરી પાડવામાં આવે છે.

કેમ્પના સ્થળે ચશમાના નંબરની તપાસ કરી, નંબરના તૈયાર ચશ્મા શકય હોય તો સ્થળ પર જ આપવામાં આવે છે. જરૂરી દવાઓ પણ આપવામાં આવે છે. ઓપરેશન પહેલાંની તપાસ પણ કેમ્પના સ્થળે જ કરીએ છીએ જેથી માંડવી લાવ્યા પછી કોઈપણ કારણસર ઓપરેશન નહી થઈ શકે એવું જણાવવું પડતું નથી.

જીલ્લા અંધત્વ નિવારણ સમિતી, સુરત તરફથી કેમ્પના દદીના મફત ઓપરેશન દીઠ ગ્રાંટ મળવાનું શરૂ થઈ ગયેલ છે.

## વર્ષ દરમિયાન થયેલા નિદાન કેમ્પની આંકડાકીય માહિતી (૨૨મી મે ૨૦૧૧ થી માર્ચ ૨૦૧૨)

| ક્રમ | તારીખ | ગામ | તાલુકો | જીલ્લો | ઓ.પી.ડી. | અન્ય નિષ્ણાંત માટે રીફર | ઓપરેશન |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૩/૫/૧૧ | માંડવી | માંડવી | સુરત | ૪૨૦ | ૩૫ | ૬૯ |
| ૨ | ૨૧/૬/૧૧ | ઉમરપાડા | ઉમરપાડા | સુરત | ૧૮૩ | ૮ | ૧૫ |
| ૩ | ૨૬/૬/૧૧ | ઝંખવાવ | માંડવી | સુરત | ૯૩ | ૩ | ૧૬ |
| ૪ | ૩૧/ ૭/૧૧ | સોનગઢ | સોનગઢ | તાપી | ૧૪૭ | ૩ | ૩૩ |
| ૫ | ૨/૮/૧૧ | ડેડીયાપાડા | ડેડીયાપાડા | નર્મદા | ૩૨ | ૨ | ૯ |
| ૬ | ૭/૮/૧૧ | મહુવા | મહુવા | સુરત | ૨૬૮ | ૩ | ૨૩ |
| ૭ | ૯/૮/૧૧ | દેવગઢ | માંડવી | સુરત | ૧૫૦ | ૫ | ૧૩ |
| ૮ | ૧૪/ ૮/૧૧ | સેલંબા | સાગબારા | નર્મદા | ૧૬૩ | ૫ | ૯ |
| ૯ | ૧૬/ ૮/૧૧ | ઉમરાણ | ડેડિયાપાડા | નર્મદા | ૬૪ | ૧ | ૮ |
| ૧૦ | ૨૧/ ૮/૧૧ | મઢી | બારડોલી | સુરત | ૩૫૦ | ૫ | ૨૬ |
| ૧૧ | ૨૩/ ૮/૧૧ | પાતલદેવી | માંગરોલ | સુરત | ૧૦૭ | ૨ | ૧૯ |
| ૧૨ | ૨૮/ ૮/૧૧ | અરેઠ | માંડવી | સુરત | ૧૫૯ | ૧૨ | ૧૬ |
| ૧૩ | ૩૦/ ૮/૧૧ | દેગડીયા | માંગરોલ | સુરત | ૧૪૪ | ૮ | ૧૯ |
| ૧૪ | ૪/ ૯/૧૧ | કરંજ | માંડવી | સુરત | ૧૯૯ | ૬ | ૧૩ |
| ૧૫ | ૭/ ૯/૧૧ | મોટા જાંબુડા | વાલિયા | ભરૂચ | ૧૨૦ | ૦ | ૧૮ |
| ૧૬ | ૧૧/ ૯/૧૧ | દઢવાડા | માંડવી | સુરત | ૯૧ | ૦ | ૧૨ |
| ૧૭ | ૧૪/ ૯/૧૧ | આંબાવાડી | માંડવી | સુરત | ૧૫૮ | ૬ | ૧૩ |
| ૧૮ | ૧૮/ ૯/૧૧ | બુહારી | વાલોડ | તાપી | ૮૦૨ | ૧૮ | ૫૭ |
| ૧૯ | ૨૧/ ૯/૧૧ | ગોડધા | માંડવી | સુરત | ૮૨ | ૫ | ૧૩ |
| ૨૦ | ૨૫/ ૯/૧૧ | ઉમરદા | ઉમરપાડા | સુરત | ૧૯૪ | ૬ | ૭ |
| ૨૧ | ૨૮/ ૯/૧૧ | નાની દેવરૂપણ | ડેડિયાપાડા | નર્મદા | ૬૫ | ૧ | ૫ |
| ૨૨ | ૨/૧૦/૧૧ | બામણી | બારડોલી | સુરત | ૧૦૯ | ૪ | ૧૮ |
| ૨૩ | ૫/૧૦/૧૧ | આંબાપારડી | માંડવી | સુરત | ૧૭૦ | ૫ | ૨૦ |
| ૨૪ | ૯ /૧૦/૧૧ | ખાપર | અક્કલકુવા | નંદુરબાર | ૨૨૮ | ૪ | ૨૫ |
| ૨૫ | ૧૨ /૧૦/૧૧ | ચીકદા | સાગબારા | નર્મદા | ૩૨ | ૧ | ૪ |
| ૨૬ | ૧૬/ ૧૦/૧૧ | વ્યારા | વ્યારા | તાપી | ૧૦૫ | ૫ | ૫ |
| ૨૭ | ૧૬/ ૧૦/૧૧ | આસરમા | માંગરોલ | સુરત | ૮૫ | ૩ | ૧૩ |
| ૨૮ | ૧૯ / ૧૦/૧૧ | ગંગાપુર | સાગબારા | નર્મદા | ૧૧૦ | ૨ | ૧૫ |
| ૨૯ | ૩૦ / ૧૦/૧૧ | ઘોડબાર | માંગરોલ | સુરત | ૧૯૭ | ૫ | ૧૫ |
| ૩૦ | ૨ / ૧૧/૧૧ | મોઝદા | ડેડિયાપાડા | નર્મદા | ૬૮ | ૦ | ૩ |
| ૩૧ | ૬ / ૧૧/૧૧ | ગોપાલપુરા | સોનગઢ | તાપી | ૨૫૭ | ૧૦ | ૩૨ |
| ૩૨ | ૯ / ૧૧/૧૧ | બંધારપાડા | સોનગઢ | તાપી | ૨૦૬ | ૩ | ૨૩ |
| ૩૩ | ૧૩ / ૧૧/૧૧ | બોરદા | સોનગઢ | તાપી | ૨૫૬ | ૫ | ૧૭ |
| ૩૪ | ૧૩ / ૧૧/૧૧ | પુણી | બારડોલી | સુરત | ૧૩૬ | ૪ | ૧૮ |
| ૩૫ | ૧૬ / ૧૧/૧૧ | ફુલવાડી | મહુવા | સુરત | ૧૪૭ | ૧ | ૧૨ |
| ૩૬ | ૨૦ / ૧૧/૧૧ | વેરાકુઈ | માંગરોલ | સુરત | ૧૩૬ | ૪ | ૩૩ |
| ૩૭ | ૨૩ / ૧૧/૧૧ | મોવાછી | બારડોલી | સુરત | ૧૬૨ | ૭ | ૧૩ |

| ક્રમ | તારીખ | ગામ | તાલુકો | જીલ્લો | ઓ.પી.ડી. | અન્ય નિષ્ણાંત માટે રીફર | ઓપરેશન |
|---|---|---|---|---|---|---|---|
| ૩૮ | ૨૭/૧૧/૧૧ | સેલંબા | સાગબારા | નર્મદા | ૩૩૭ | ૧૦ | ૩૬ |
| ૩૯ | ૩૦/૧૧/૧૧ | ગોદાવાડી | માંડવી | સુરત | ૨૫૧ | ૨ | ૨૪ |
| ૪૦ | ૨/૧૨/૧૧ | સોનગઢ | સોનગઢ | તાપી | ૪૧૨ | ૨૩ | ૫૦ |
| ૪૧ | ૪/૧૨/૧૧ | કીમ | કામરેજ | સુરત | ૨૭૩ | ૮ | ૧૫ |
| ૪૨ | ૭/૧૨/૧૧ | ગુણસવેલ | મહુવા | સુરત | ૧૫૮ | ૦ | ૮ |
| ૪૩ | ૧૧/૧૨/૧૧ | ઉમરપાડા | ઉમરપાડા | સુરત | ૨૨૮ | ૬ | ૧૭ |
| ૪૪ | ૧૪/૧૨/૧૧ | ચોખવાડા | સાગબારા | નર્મદા | ૨૮૩ | ૪ | ૧૫ |
| ૪૫ | ૧૮/૧૨/૧૧ | મહુવા | મહુવા | સુરત | ૨૫૭ | ૪ | ૧૩ |
| ૪૬ | ૨૧/૧૨/૧૧ | ટાવલ | સાગબારા | નર્મદા | ૨૨૦ | ૪ | ૫૧ |
| ૪૭ | ૨૫/૧૨/૧૧ | માછી સાદડા | મહુવા | સુરત | ૩૭૬ | ૭ | ૨૮ |
| ૪૮ | ૧/૧/૧૨ | હિંદલા | સોનગઢ | તાપી | ૨૩૯ | ૩ | ૩૯ |
| ૪૯ | ૪/૧/૧૨ | ડેડીયાપાડા | ડેડીયાપાડા | નર્મદા | ૧૭૬ | ૨ | ૧૯ |
| ૫૦ | ૮/૧/૧૨ | ખાપર | અક્કલકુવા | નંદુરબાર | ૪૬૩ | ૧૩ | ૫૫ |
| ૫૧ | ૧૧/૧/૧૨ | નરેણ | માંડવી | સુરત | ૧૭૬ | ૩ | ૨૯ |
| ૫૨ | ૧૫/૧/૧૨ | શામપુરા | કામરેજ | સુરત | ૩૮૨ | ૧૩ | ૬૫ |
| ૫૩ | ૧૫/૧/૧૨ | નિકોરા | ભરૂચ | ભરૂચ | ૩૬૫ | ૮ | ૪૯ |
| ૫૪ | ૧૮/૧/૧૨ | ખેરવાડા | સોનગઢ | તાપી | ૨૩૬ | ૧૫ | ૨૮ |
| ૫૫ | ૨૨/૧/૧૨ | વાલોડ | વાલોડ | તાપી | ૫૨૬ | ૧૬ | ૪૫ |
| ૫૬ | ૨૫/૧/૧૨ | દેવગઢ | માંડવી | સુરત | ૨૦૯ | ૨ | ૧૩ |
| ૫૭ | ૨૯/૧/૧૨ | વાંકલ | માંગરોલ | સુરત | ૨૪૭ | ૪ | ૩૪ |
| ૫૮ | ૧/૨/૧૨ | આંબાવાડી | ડેડિયાપાડા | નર્મદા | ૩૭૮ | ૧૬ | ૨૦ |
| ૫૯ | ૫/૨/૧૨ | બુહારી | વાલોડ | તાપી | ૬૦૮ | ૨૩ | ૫૭ |
| ૬૦ | ૮/૨/૧૨ | ધવલીવેર | સાગબારા | નર્મદા | ૧૩૯ | ૫ | ૨૨ |
| ૬૧ | ૧૨/૨/૧૨ | કોસંબા | માંગરોલ | સુરત | ૨૦૭ | ૧૦ | ૨૪ |
| ૬૨ | ૧૫/૨/૧૨ | લાડકુવા | માંડવી | સુરત | ૧૮૧ | ૬ | ૨૪ |
| ૬૩ | ૧૯/૨/૧૨ | ગોપાલપુરા | સોનગઢ | તાપી | ૨૩૨ | ૦ | ૯ |
| ૬૪ | ૨૨/૨/૧૨ | આંબાપારડી | માંડવી | સુરત | ૧૩૯ | ૬ | ૩૬ |
| ૬૫ | ૨૬/૨/૧૨ | ખાંભલા | સોનગઢ | તાપી | ૩૩૮ | ૯ | ૧૯ |
| ૬૬ | ૨૯/૨/૧૨ | સોનગઢ | સોનગઢ | તાપી | ૨૮૬ | ૮ | ૨૩ |
| ૬૭ | ૪/૩/૧૨ | કરંજ | માંડવી | સુરત | ૧૮૬ | ૩ | ૫ |
| ૬૮ | ૧૧/૩/૧૨ | બૌધાન | માંડવી | સુરત | ૩૨૩ | ૫ | ૨૬ |
| ૬૯ | ૧૪/૩/૧૨ | બાલ્દા | બારડોલી | સુરત | ૧૬૪ | ૪ | ૧૨ |
| ૭૦ | ૧૮/૩/૧૨ | જોખા | કામરેજ | સુરત | ૩૩૦ | ૨ | ૨૩ |
| ૭૧ | ૨૧/૩/૧૨ | ઈંટવાઈ | સાગબારા | નર્મદા | ૧૬૨ | ૭ | ૨૫ |
| ૭૨ | ૨૫/૩/૧૨ | વાલોડ | વાલોડ | તાપી | ૧૬૮ | ૯ | ૧૩ |
| ૭૩ | ૨૮/૩/૧૨ | નાલ – ખોપી | સાગબારા | નર્મદા | ૧૧૪ | ૨ | ૧૭ |
| કુલ | | | | | ૧૬૦૮૪ | ૪૫૯ | ૧૬૬૭ |

# રીસર્ચ

હોસ્પિટલની શરૂઆતથી જ જોડાયેલા ડો. રોહનભાઈને એમ.એસ.સી. કોમ્યુનિટી ઓપ્થેલ્મોલોજીની તાલીમ લેવા ૧ વર્ષ માટે ઈન્ટરનેશનલ સેન્ટર ફોર આઈ હેલ્થ, લંડન ખાતે મોકલ્યા હતા. આ તાલીમ લંડન સ્કુલ ઓફ હેલ્થ એન્ડ ટ્રોપીકલ મેડીસીન અંતર્ગત ચાલે છે. હવે તેઓ રીસર્ચની કામગીરી અત્રે સંભાળશે. એમના મહાનિબંધની વાત આગળ કરીશું. તેવો જ ચશ્માના નંબરની જરૂરીયાત અંગેનો એક સર્વે કરવા માટેની પ્રપોઝલ દોરાબજી ટાટા ટ્રસ્ટ મુંબઈને મોકલવામાં આવી છે.

માંડવી તાલુકામાં અંધજન પુનર્વસન કાર્યક્રમ ૧ એપ્રિલથી શરૂ થયો છે તેના ભાગરૂપે અંધત્વનો એક સર્વે કરવાનું આયોજન થઈ ગયું છે જેના ભાગરૂપે અંધત્વની માહિતી મેળવવા ઉપરાંત આ વિસ્તારના લોકોની આર્થિક પરિસ્થિતિની મોજણી પણ કરવા જઈ રહ્યાં છીએ. એક નવતર પ્રયોગ તરીકે ૪૦ વર્ષથી વધુ ઉંમરના દરેક વ્યકિતની ડાયાબિટીસ માટેની તપાસ પણ આ સર્વેની સાથે જ સાંકળી લેવામાં આવી છે. આનાથી લોકોને તેમને ડાયાબિટીસ છે કે નહી તેની માહિતી મળશે, ડાયાબિટીસ હશે તો આંખની તપાસ કરાવવાની જરૂરીયાત વિશે પણ માહિતી મળશે – તપાસ હોસ્પિટલમાં કરી આપવામાં આવશે. પડદાની સારવારની જરૂરીયાત હશે તો તે હોસ્પિટલમાં જ કરી આપવામાં આવશે અને આમાંથી મળેલ આંકડાકીય માહિતી દેશના તજજ્ઞો સાથે શિબીરોમાં રજુ કરવામાં આવશે તથા જર્નલમાં લેખ પણ લખવાનું આયોજન કરીશું.

રીસર્ચ અને તાલીમના ભાગરૂપે નવા વિષય; ટેક્નીક; વિગેરેની અદ્યતન જાણકારી હોવી જરૂરી છે તે માટે જુદી જુદી સંસ્થાની મુલાકાત; વર્કશોપમાં જવું; સેમિનારમાં હાજરી આપવી કે બહારના લોકોને નિમંત્રણ આપવું પણ જરૂરી છે. એ માટે નીચે મુજબના પ્રયત્નો કર્યા.

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | ડો. ઉદયભાઈ ગજીવાળા | જયપ્રકાશ નારાયણ હોસ્પિટલ, હજારીબાગ, ઝારખંડ. | ૨૫–૨૬/૧૧/૧૧ | હોસ્પિટલ મૂલ્યાંકન |
| (૨) | ડો. રોહનભાઈ ચરીવાળા | એલ.વી.પ્રસાદ આઈ હોસ્પિટલ, હૈદ્રાબાદ | ૧૭–૧૮/૧૦/૧૧ | પબ્લીક હેલ્થ સીમ્પોઝીયમ |
| (૩) | ડો. રોહનભાઈ ચરીવાળા | વિદીશા, મધ્યપ્રદેશ | ૨૫–૨૬/૧૧/૧૧ | COSI મીટીગ |
| (૪) | ડો. ઉદયભાઈ ગજીવાળા | જયપુર | ૨૧–૨૨/૧૨/૧૧ | SSI પાર્ટનર્સ મીટીગ |
| (૫) | ડો. રોહનભાઈ ચરીવાળા | AIIMS, દિલ્હી | ૧૨/૧૨/૧૧ | રોલ ઓફ આશા વર્કર ટ્રેનીગ ઓફ ટ્રેનર્સ |
| (૬) | ડો.ઉદયભાઈ ગજીવાળા | ભોપાલ, મધ્યપ્રદેશ | ૮–૯/૦૨/૧૨ | મધ્યપ્રદેશ રાજ્ય અંધત્વ નિવારણ આયોજન વર્કશોપ |
| (૭) | ડો.ખુશ્બુબહેન ડોકટર | કોચીન | ૨થી૬/૦૨/૧૨ | AIOS વાર્ષિક કોન્ફરન્સ |
| (૮) | ડો. રોહન ચરીવાળા | લંડન | ૧૩/૦૨/૨૦૧૨ | કોન્વોકેશન+Alumni meet |
| (૯) | ડો. ઉદયભાઈ ગજીવાળા | નીમચ, મધ્યપ્રદેશ | ૧૬–૧૭ /૦૩/૧૨ | હોસ્પિટલ મૂલ્યાંકન |
| (૧૦) | ડો. ઉદયભાઈ ગજીવાળા | ચિત્રકૂટ, મધ્યપ્રદેશ | ૨૦–૨૧/ ૦૩/૧૨ | હોસ્પિટલ મૂલ્યાંકન |
| (૧૧) | ડો. ઉદયભાઈ ગજીવાળા | અમદાવાદ | ૨૫/૦૩/૨૦૧૨ | VISION 2020 ગુજરાત મીટીગ |
| (૧૨) | ડો. ઉદય ગજીવાળા | ખડાયતા સમાજ બોધાન, ઘલા, માંડવી | ૨૦/૧૧/૨૦૧૧ | ચક્ષુદાન વિશે માહિતી |
| (૧૩) | ડો. ઉદય ગજીવાળા | દક્ષિણ ગુજ. ઓપ્થે.એસો. | ૨૬/૦૬/૨૦૧૧ | ઇન્ફેકશન કંટ્રોલ વકશોપ |

# માંડવી તાલુકામાં અંધત્વનો સર્વે

ડો. રોહનભાઈ કોમ્યુનીટી આઈ હેલ્થની ૧ વર્ષની તાલીમ લેવા ઈંગ્લેન્ડ 'ઈન્ટરનેશનલ સેન્ટર ફોર આઈ હેલ્થ, લંડન' માં ગયા હતા. આ અભ્યાસના ભાગરૂપે તેઓએ એક થીસીસ (મહાનિબંધ) તૈયાર કરવાનો હતો. આ થીસીસના ભાગરૂપે માંડવીની આજુબાજુના વિસ્તારમાં રહેતા લોકોમાં અંધત્વનું પ્રમાણ અને કારણ જાણવા અંગે એક સર્વે હાથ ધર્યો હતો. આ કામગીરી જૂન – જુલાઈ/૨૦૧૧ દરમિયાન હાથ ધરવામાં આવી.

સૌ પ્રથમ સર્વે માટે સુરત જીલ્લાના માંડવીની આજુબાજુના જુદા જુદા ૭ તાલુકાઓના ૪૪ ગામો પસંદ કરીને તે ગામોમાં સર્વે કરવા માટે આયોજન કર્યુ.

જુદી જુદી બે ટીમ બનાવી જેમાં દરેકમાં એક ડોકટર, એક પેરામેડીકલ, એક સુપરવાઈઝર અને એક ડ્રાઈવર હોય. આ ટીમ જે ગામની મુલાકાત લઈને લોકોના ઘરે ઘરે ફરીને તૈયાર કરેલા પત્રક મુજબની માહિતી એકઠી કરે. આ સર્વે દરમિયાન ઘણા અનુભવ થયા.

ગામમાં જતાં જ કેટલાક લોકો સ્વેચ્છાએ આંખ તપાસાવવા બહાર આવી જતા, તો કોઈક વ્યકિત પહેલાં પૂછીને ખાતરી કરે કે તમને આ કામ કરવા કોણે કહ્યું છે? વળી કયાંક તો લોકો વાત સાંભળવા જ તૈયાર ન હોય, તેમને પેમ્ફલેટ વાંચવા આપીએ તો બીજે દિવસે આવવા જણાવે. એક ગામમાં એક વૃધ્ધ મહિલા પૂછે 'શિખાઉ ડોકટરો તો નથી ને?' જો કે મોટે ભાગે લોકોએ ઘણા ઉત્સાહથી તપાસ માટે તેમ જ અન્ય માહિતી આપવા માટે સારો સહકાર આપ્યો.

આ સમગ્ર કામગીરી ચોમાસા દરમિયાન હાથ ધરી હોવાથી ઘણી મુશ્કેલીઓ પણ પડી. જેમ કે કેટલાક ગામમાં રસ્તા કાચા હોવાથી વરસાદમાં કાદવ – કીચડ થઈ જતાં વાહન લઈને ગામમાં ન જઈ શકાય. આવા સંજોગોમાં વરસતા વરસાદમાં, કાદવ – કીચડ ખુંદીને ડોકટર્સ સહિતની ટીમે સર્વેની કામગીરી નિયત સમયમાં પૂર્ણ કરી.

દિવસની ફીલ્ડ વિઝીટ બાદ કામગીરીનું દસ્તાવેજીકરણ કરવા માટે રાત્રે મોડે સુધી જાગીને બધી એન્ટ્રી કરવી પડે. સવારે સર્વે માટે નીકળવાનું હોય તેથી ઓપરેશન પણ વહેલા કરવા પડે.

આવી ઘણી મુશ્કેલી અને પડકાર વચ્ચે સ્ટાફના સભ્યોએ ટીમવર્કથી, ખંત અને ઉત્સાહથી આ કામગીરી પુરી કરી. આ સર્વેના તારણો મુજબ સુરત જીલ્લાના આદિવાસી વિસ્તારમાં અંધત્વનું પ્રમાણ દેશના અન્ય ભાગો જેટલું છે. ગુજરાતમાં શહેરી વિસ્તારોમાં ઘણું વધારે કામ થાય છે અને અંધત્વનું પ્રમાણ ઘટી ગયું છે પરંતુ ગ્રામ્ય આદિવાસી વિસ્તારમાં હજુ સેવાઓ પહોંચી નથી. બીજું એક અગત્યનું તારણ – આ વિસ્તારમાં કીકીના રોગોને કારણે અંધત્વનું પ્રમાણ કુલ અંધત્વના ૮% જેટલું એટલે કે દેશના અન્ય ભાગો કરતાં બેવડું છે. આ તારણોના આધારે આપણે હવે કામગીરીનું આયોજન કરીશું. કીકી બદલવાના ઓપરેશનો વધુ સંખ્યામાં કરવાનું આયોજન કરીશું. યોગાનુયોગે ડો. હેતલબહેન કીકી બદલવાના ઓપરેશનની જ તાલીમ લઈ રહ્યા છે. જાણે કુદરતે પહેલેથી જ આ જરૂરીયાત પારખીને આયોજન ન કર્યું હોય! આ ઉપરાંત આ સર્વેના તારણોને બેઝલાઈન ગણીને કેટલાક વર્ષ પછી ફરીથી આવો સર્વે કરીને હોસ્પિટલની કામગીરીથી ખરેખર શું બદલાવ આવ્યો તે જાણી શકાશે તેમજ આંખના રોગ અંગેની જાગૃતિ આણવા માટે પણ તે ઉપયોગી થઈ શકશે.

લંડનની સંસ્થામાં આ સર્વે રજૂ કર્યો ત્યારે ત્યાં સૌને એ વાતનું આશ્ચર્ય પણ થયું કે આટલી લાંબી કામગીરી ખૂબ ટૂંક સમયમાં અને પુરેપુરી માહિતી સાથે કઈ રીતે થઈ શકી!!

આ કાર્ય માત્ર ને માત્ર ટીમવર્કથી જ થઈ શકે જે સ્ટાફ દ્વારા સુંદર રીતે પુરુ કરીને ટીમવર્કનું ઘણું સુંદર ઉદાહરણ પુરું પાડયું.

## અન્ય કેન્દ્રોને મદદ :

- સેવા રૂરલ ઝઘડીયા ઓપ્થેલ્મોલોજી વિભાગના વડા તરીકેની જવાબદારી છેલ્લા ઘણા વર્ષથી ડો. ઉદયભાઈ ગજીવાળા સંભાળતા હોવાથી ત્યાંની કામગીરીમાં પણ મદદરૂપ થવા માટે અઠવાડિયામાં ૧ દિવસ ઝઘડીયા મુલાકાત લેવાનું ગોઠવ્યું છે તેથી ત્યાંના ડોકટર્સ અને સ્ટાફને માર્ગદર્શન મળી રહે.
- નેત્રંગ (PHC) અને ઝંખવાવ (CHC) માં ચાલતું આંખની સંભાળને લગતું કામ, જે સેવા રૂરલ ઝઘડીયા દ્વારા સંભાળવામાં આવતું હતું તે એપ્રિલ – ૨૦૧૨ થી સરકાર દ્વારા દિવ્યજયોતિ ટ્રસ્ટને સોંપવામાં આવ્યું છે, તેથી અઠવાડિયામાં ૨ દિવસ નેત્રંગ અને ઝંખવાવ જઈને દિવ્યજયોતિ ટ્રસ્ટની ડોકટર્સ, નર્સ તેમજ પેરામેડીકલ વર્કરની ટીમ આંખની તપાસ – સારવાર સર્જરીનું કામ સંભાળશે. આ કામગીરી સરકાર સાથે પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ અંતર્ગત કરવામાં આવશે.
- આદિવાસી આઈ કેર ટ્રસ્ટ ડાંગ દ્વારા સંચાલિત વિઝન સેન્ટરની કાર્યવાહીનું મૂલ્યાંકન – મોનીટરીગનું કામ પણ દિવ્યજયોતિ ટ્રસ્ટ સંભાળી રહ્યું છે.

આમ, જુદા જુદા કેન્દ્ર પર પહોચીને, ગામડામાંથી કેમ્પ દ્વારા હોસ્પિટલ સુધી દર્દી લાવીને અને સ્થાનિક દર્દીઓને હોસ્પિટલ એમ ત્રિવિધ રીતે આ વિસ્તારના લોકોને મદદરૂપ થવાના પ્રયત્નો કરી રહ્યા છીએ.

## સૌનો લાડકવાયો મિલન

સુરત જીલ્લાના મહુવા તાલુકાના નાનકડા ગામ દેદવાસણમાં રમણભાઈ પટેલ સહપરિવાર રહે. આર્થિક સ્થિતિ ખૂબ નબળી. નાનકડી જમીનમાં શાકભાજી પકવે, બાકીનું ખેતમજુરી કરી પુરું કરે. કુટુંબમાં બે દીકરા અને પતિ –પત્ની મળી ચાર જણનું ગુજરાન જેમ તેમ ચાલે . મુશ્કેલીઓ પારાવાર. શોષણ અને અન્યાયનો સતત ભોગ બનતો મજુર આખરે નશાનો ભોગ બને. કંઈક કારણવસાત્ રમણભાઈનો નાનો દીકરો મિલન પિતાના ક્રોધનો ભોગ બન્યો. નશામાં ભાન ભૂલેલા પિતાએ મિલનને લાકડી વડે માર્યો, જેમાં આંખમાં ગંભીર ઈજા થઈ. બનાવ બન્યા બાદ તેની ગંભીરતા સમજાતાં ઈલાજ માટે દોડધામ કરી. આંખમાં થયેલી ઈજાને કારણે મિલનને નાની વયે મોતિયો થયો. પણ નાણાં અને સાચા માર્ગદર્શનના અભાવે મિલનને આંટાફેરા કરવા સિવાય કંઈ હાથ ન લાગ્યુ.

દેદવાસણની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા મિલનના ધોરણ ૭ માં ૭૫% આવ્યા હતા, પણ આખું વર્ષ રઝળપાટ અને અભ્યાસના અભાવે ૮ મા ધોરણમાં પ્રમોશનથી પાસ થયો. હવે તે ૯ મા ધોરણમાં આવ્યો. બધુ મળીને બારડોલીમાં ૩ થી ૪ વાર અને નવસારીમાં ૧ વાર બતાવ્યું, કોઈકે રૂા. ૩૦૦૦૦ થી વધુ ખર્ચ થશે તેમ કહ્યું તેથી સારવાર અધૂરી છોડી કેમ કે આટલો ખર્ચ તેમને પરવડે જ નહીં. આખુ ૧ વર્ષ બગાડયા પછી મિલન મમ્મી ગીતાબહેન સાથે માંડવી આવ્યો પણ એ દરમિયાન તેની આંખને ઘણું નુકશાન થઈ ચૂકયું હતું.

માંડવીમાં મિલનની આંખ પર જરૂરીયાત મુજબ ૧ થી વધુ વાર સર્જરી કરી પરંતુ હજુ પણ તેને બરાબર દેખાતું નથી. આ સર્જરીઓ દરમિયાન તેને વધુ સમય વારંવાર હોસ્પિટલમાં રહેવાનું થતાં ડોકટરો – સ્ટાફની માયા બંધાઈ ગઈ. મિલન અને તેની માતા રસોડામાં પણ મદદ કરવા દોડી જાય. અત્યંત સંઘર્ષ અને અભાવગ્રસ્ત તપ્ત જિંદગીમાં તેઓને હોસ્પિટલમાં ઘણી શીતળતાનો અનુભવ થયો. ગીતાબહેનને રસોઈમાં મદદ કરવા બદલ મહેનતાણું ચૂકવવાની વાત કરતાં તેમણે જણાવ્યું કે 'મને આવી સેવાનો લાભ કયાં મળશે' આમ નાના માનવીઓની મનની મોટાઈ જોઈને દ્રવિત થઈ જવાય છે. જો કે તેમને સમજાવીને તેમની મહેનતના નાણાં આપણે ચૂકવી દીધા છે.

મિલન અહી સૌનો લાડકવાયો થઈ ગયો છે. ટ્રસ્ટીઓએ સર્વસંમતિથી મિલનના ભવિષ્યના અભ્યાસ અને રહેવા જમવાનો ખર્ચ ઉઠાવવાનું નકકી કર્યુ છે. આશા છે ઈશ્વરકૃપાથી મિલનની જિંદગીમાં ઉજાશ આણી શકીશું !!

## અમારા મુલાકાતીઓ :

તેરાપંથ સમાજ, મહેશ્વરી સમાજ અને સ્થાનિક સમાજના અગ્રણીઓ, માંડવી નગરપાલિકા પ્રમુખ, ટ્રાયબલ સબ પ્લાન ઓફિસર, શ્રી ઈન્દુભાઈ શાહ, સરગમ કન્સ્ટ્રકશન કું. ના સભ્યો, સિધ્ધશીલા એપાર્ટમેન્ટ સુરતના સભ્યો, શ્રી પ્રવિણભાઈ મોદી, પુણી ગામના કેમ્પ સ્પોન્સર શ્રી બળવંતભાઈ મોદી, જીનેન્દ્ર ફાઉન્ડેશનના શ્રીમતી મીતાબહેન દોશી, કલકત્તાના શ્રીમતી વર્ષાબહેન દોશી, શામપુરાના શ્રી કરસનભાઈ ભકત, શ્રી કિરીટભાઈ મોદી, શ્રી પંકજભાઈ પટેલ, બહેન સ્વાતિબહેન, શ્રીમતી માલિની બહેન –શ્રી જયોતિભાઈ દેસાઈ વાલોડ, શેર એન્ડ કેર સંસ્થાના પ્રમુખ શ્રી જયંતભાઈ શ્રોફ અને ડો. શ્રીમતી યોગીનીબહેન શ્રોફ, સુરતના પડદાના ડો. શ્રી ભાવિન પટેલ અને ડો.મીરલ પટેલ, જીલ્લા અંધત્વ નિવારણ સમિતીના અધિકારી ડો. ઋષિ માથુર, વલસાડના ડો. વસંતભાઈ દેસાઈ,કિશોરભારતી સંસ્થાના સેક્રેટરી શ્રી રાજેન્દ્રજી– મધ્યપ્રદેશ, રોટરી કલબ ઓફ સુરત રાઉન્ડ ટાઉનના પદાધિકારીઓ, લાયન્સ કલબ ઓફ સુરત સિલ્ક સીટીના પદાધિકારીઓ, કેનેડાથી શ્રી અનવરભાઈ માલમ વિગેરે. આ ઉપરાંત અનેક શુભેચ્છકો તથા દાતાઓ સંસ્થાની મુલાકાત લઈ ગયા.

## સ્ટાફ વેલ્ફેર :

સંસ્થાના કર્મચારીઓ સંસ્થાના હાથ – પગ છે. તેમના કાર્ય – આચાર – વિચાર – વ્યવહાર – વર્તણૂક દ્વારા જ કોઈપણ સંસ્થા સારૂં અને અસરકારક કાર્ય કરી શકે.

સંસ્થાના બધા જ કર્મચારીઓ ખૂબ મહેનત કરી રહ્યા છે. જરૂર પડયે સાંજે – રાત્રે કામ કરવા વધારાનો સમય આપવા કે દર્દીઓ સાથે વિવેકપૂર્વક વર્તવું વિગેરે. દર્દી કે સગા કંઈ બક્ષિસ – ભેટ આપે તો તે પણ વિનયપૂર્વક સ્વીકારવાની ના પાડે છે અને કયારેક કોઈ વસ્તુ ભૂલી ગયા હોય તો તે પરત કરીને પ્રમાણિકતાનો પરિચય પણ આપ્યો છે.

દિવાળીના દિવસે સ્ટાફ પરિવાર સાથે મિલન યોજીને સૌએ સાથે મળીને ફટાકડા ફોડયા, અલ્પાહાર કર્યો. ૨૬મી જાન્યુઆરીએ તથા ૧૫મી ઓગષ્ટે ધ્વજવંદન કરીને સૌ સ્ટાફના સભ્યોએ સહપરિવાર તીથલના પ્રવાસની મજા માણી અને સ્ટાફ –સહપરિવાર ૨૯/૧૨/૨૦૧૧ ના દિવસે ગેટ ટુ ગેધરમાં નાનકડો સાંસ્કૃતિક કાર્યક્રમ અને મિષ્ટાન્ન ભોજનનો આનંદ માણ્યો.

આ ઉપરાંત સ્ટાફના સભ્યોના અભ્યાસ કરતા બાળકો માટે દફતર સહિત સ્કૂલ કીટ એક દાતાશ્રીના સૌજન્યથી આપવામાં આવી અને બાળકોનો ઉત્સાહ વધાર્યો. અન્ય એક દાતાશ્રી તરફથી શુભેચ્છાના પ્રતીકરૂપે સાડીઓ ભેટ આપવામાં આવી.

સંસ્થામાં કામ કરતા કર્મચારીઓ માટે રૂટીન મેડીકલ ચેક અપ કરવામાં આવ્યું અને દર્દીના સતત સંપર્કમાં રહેતા સ્ટાફના સભ્યોને રસીકરણ કર્યુ; જેથી ચેપ ન લાગે. આ ઉપરાંત દરેક સભ્યના મેડીકલ ચેક અપ છાંયડો સંચાલિત જયમાલા પેથલેબમાં કરાવી શકાય તેમ હોય, તો તેનો ખર્ચ સંસ્થા આપશે. આમ, સ્ટાફ માટે વિના મૂલ્યે હેલ્થ ચેક અપની વ્યવસ્થા ઉભી કરી શકયા છીએ તેનો આનંદ છે.

વર્કમેન કોમ્પેન્સેશન એકટ હેઠળ સંસ્થાએ પોલીસી લીધી છે અને પ્રીમીયમ પણ ભરી દીધું છે. દરમિયાન રસોડામાં કામ કરતા બહેન અકસ્માતે રસોડામાં કામકાજ દરમિયાન લપસી જતાં તેમને હાથમાં ઈજા થઈ હતી તેમને આ યોજના હેઠળ લાભ અપાવી શકયા છીએ.

સ્ટાફ તથા પરિવારના સભ્યોને હોસ્પિટલમાં મળતી સારવાર તથા દવાઓ વિના મૂલ્યે આપવામાં આવે છે તથા ચશ્મા ૨૫% ડિસ્કાઉન્ટ થી આપવામાં આવે છે.

ટુંક સમયમાં સ્ટાફના સભ્યોની બચત મંડળી શરૂ કરવાનું આયોજન કરી રહ્યા છીએ.

આમ, સ્ટાફ એક પરિવારની જેમ હળીમળીને કામગીરી કરી રહ્યા છે. એકબીજાને જરૂરીયાતના સમયે મદદરૂપ થવા બધાજ સભ્યો કટીબધ્ધ છે.

## ભવિષ્યનું આયોજન

(૧) સૌ પ્રથમ માંડવી તાલુકો પસંદ કરીને ગામમાં રહેતા અંધજનોના પુનર્વસનનું કામ હાથ ધરીશું જેમાં અંધ બાળકોને બ્રેઈલ લિપિથી વાંચતા – લખતા શીખવવું, અંધ યુવાનોને તેઓ સ્વનિર્ભર થઈ શકે તેવું આર્થિક ઉપાર્જનનું કામ શીખવવું અને વૃદ્ધોને પોત પોતાનું રોજીંદુ કામ જાતે કરી શકે એવું શીખવવાનું હોય છે. આ કામ શરૂ કરવાનું આયોજન થઈ ચૂક્યું છે. જેની શરૂઆત એપ્રિલ ૨૦૧૨ થી થઈ જશે.

(૨) ઓપ્થેલ્મીક આસીસ્ટંટ, ઓપ્થેલ્મીક નર્સીસ, ચશ્મા ફીટીંગ અને ઓપરેશન થીયેટર બોયની પધ્ધતિસરની નિયમિત તાલીમનું આયોજન કરીશું. ઓપ્થેલ્મીક આસીસ્ટંટની પ્રથમ બેચ તો તાલીમ મેળવીને તૈયાર થઈ ગઈ છે જે પૈકી ૧ તાલીમાર્થી બિહારથી આવ્યા હતા. અન્ય ૪ તાલીમાર્થીઓ તાલીમ પૂર્ણ કરીને હોસ્પિટલના કામમાં જોડાઈ ગયા છે. ૬ નર્સબહેનો હોસ્પિટલમાં તાલીમ લઈને અહી જોડાયા છે.

(૩) આંખના ડોકટરોને SICS અને PHACO પધ્ધતિથી ઓપરેશન કરવાની તાલીમ આપવાનું કામ શરૂ કરવાનો ઈરાદો છે.

(૪) ઓપ્થેલ્મોલોજીમાં રેસીડેન્સી (DNBપ્રોગ્રામ) : MBBS થયા પછી ૩ વર્ષ DNB નો કોર્ષ કર્યા પછી ઓપ્થેલ્મોલોજીસ્ટ તરીકે કામ કરી શકાય. આવો કાર્યક્રમ નેશનલ બોર્ડની મંજૂરી મેળવીને કરીશું.

## અમારી વ્યથા

દિવ્યજયોતિ ટ્રસ્ટની સ્થાપના કરીને સુરત જિલ્લાના અંતરિયાળ આદિવાસી વિસ્તારમાં આંખની સારવારનું કામ કરવાનું વિચાર્યુ ત્યારે સ્વાભાવિક રીતે જ આર્થિક જોગવાઈનો પ્રશ્ન સામે આવે.

શરૂઆતમાં નાના પાયે કામ શરૂ કરીને ધીમે ધીમે વિસ્તરણ કરવાનો વિચાર હતો પરંતુ અમેરિકાની શેર એન્ડ કેર ફાઉન્ડેશન –જે બિનનિવાસી ભારતીય લોકોએ અમેરિકા રહયે ભારતના જરૂરિયાતમંદ લોકોને સહાય અર્થે સ્થાપી છે તેમણે મોટી મદદની ખાતરી આપી તેથી તે નાણાંની અપેક્ષાએ પહેલેથી મોટા પાયે આયોજન કર્યુ. વિદેશથી નાણાં મેળવવા સરકારની મંજૂરી મેળવવી પડે તે માટે તા.૨૬/૧૦/૨૦૧૦ ના રોજ ગૃહમંત્રાલયને ઓનલાઈન અરજી કરી અને તેની હાર્ડ કોપી નવેમ્બર'૧૦માં મોકલી જેની પહોંચ ગૃહવિભાગ – દિલ્હીએ જાન્યુઆરી'૧૧ માં આપી જેની પ્રક્રિયા થતાં તેઓએ ચેરીટી કમિશનરશ્રી અમદાવાદને બારોબાર પત્ર લખ્યો અને આપણને જાણ કરી. ત્યારબાદ ૭ એપ્રિલ'૧૧ ના રોજ ગૃહ મંત્રાલયમાંથી પત્ર આવ્યો, કે હજુ વાર લાગશે.

ત્યારબાદ સુરત આસીસ્ટંટ ચેરીટી કમિશનરમાંથી પીટીઆરની નકલ મેળવવાની હતી, ત્યાં આઠ માસ જેટલો લાંબો સમય વ્યતીત થયો પણ તે નકલ ન મળી હોવાથી રીપોર્ટ આગળ ન કરી શકાયો. આ અસહ્ય વિલંબનું કારણ એ હતું કે ત્યાં તેમની પાસે નકલ તૈયાર કરવા સ્ટાફ ન હતો.

૧૦ જુલાઈ ૨૦૧૧ ના રોજ આપણે પત્ર લખ્યા બાદ ઓકટોબર ૨૦૧૧ માં ગૃહવિભાગે – અર્બન ડેવલપમેન્ટ મિનિસ્ટ્રીને રીપોર્ટ કરવા જણાવ્યું અને ૩ જાન્યુઆરીએ આ કેસ મિનિસ્ટ્રી ઓફ હેલ્થ અને ફેમીલી વેલ્ફેરને રીફર થયો. સામાન્ય પણે આમ કરવું જરૂરી નથી.

જાન્યુઆરી ૨૦૧૨માં ગૃહવિભાગ દિલ્હીએ ગુજરાતના ગૃહવિભાગને રીમાઈન્ડર લખ્યો. ગાંધીનગર તપાસ કરતાં જાણવા મળ્યું કે FCRA નું કામ હવે લીગલ ડીપાર્ટમેન્ટને સોંપાયું છે.ત્યાંથી આગળ તપાસ કરતાં જણાવ્યું કે ચેરીટી કમિશનર અમદાવાદમાં કેસ પેન્ડીંગ છે. ચેરીટી કમિશનર અમદાવાદની કચેરીએ તપાસ કરતાં, કેસ ઓલપાડ પ્રાંતમાં પેન્ડીંગ છે એમ જાણવા મળ્યું. ઓલપાડ પ્રાંતમાં પૂછાવતાં તે હવે માંડવી ઓફિસમાં છે એમ જાણવા મળ્યું.

માંડવીની સ્થાનિક કચેરીમાં તપાસ કરતાં જણાયું કે ૩ મહિના પહેલાં આવેલો પત્ર તો મળતો જ નથી. જેમ તેમ પત્ર શોધાવ્યો !! તે માટેની વ્યવસ્થા કરી સ્થાનિક અધિકારીને મળતાં તેઓ તપાસ કરવા આવશે એમ જણાવ્યું. સ્થાનિક અધિકારી તપાસ કરીને ગયા બાદ હવે પ્રાંત ઓફિસમાંથી કાગળો કલેકટર કચેરી સુરત મોકલ્યા છે.

આમ દોઢ વર્ષ વીતી ગયું હોવા છતાં પરદેશથી દાન મેળવવાની મંજુરી મળી નથી. આ પરિસ્થિતિમાં દાતાનો વિચાર જો બદલાઈ જાય તો ? કોણ જવાબદાર ? જે દાનની અપેક્ષાએ મોટો પ્રોજેકટ હાથ પર લીધો તેના વિના ઈશ્વરકૃપાથી અને સ્થાનિક દાતાઓના સહયોગથી કામ તો ટકી ગયું પણ નાણાંકીય મુશ્કેલી અને માનસિક સંતાપ તો ઘણા જ વેઠવાના થયા છે અને છતાં આ મંજુરી કયારે મળશે તે તો ખબર જ નથી.....



તેજસ આંખની હોસ્પિટલનો
ઉદ્‌ઘાટન સમારંભ – ૨૨/૦૫/૨૦૧૧



હોસ્પિટલમાં ડોકટર દ્વારા દર્દીની તપાસ



ઓપરેશન થિએટરમાં ઓપરેશનની કાર્યવાહી



નાના બાળકોની આંખની તપાસ – નિષ્ણાંત ડોકટર દ્વારા



પડદાના ડોકટર દ્વારા આંખની તપાસ



કીકી બદલવાના ઓપરેશનના લાભાર્થી – સુનિતાબહેન પાડવી



નિદાન કેમ્પમાં ડોકટર દ્વારા આંખની તપાસ



પેરામેડીકલ વર્કર દ્વારા નિદાન કેમ્પના સ્થળે ચશ્માની ત




હરિ ઓમ સેવા ટ્રસ્ટ અને જીવન અક્ષય ચેરીટેબલ ટ્રસ્ટના સંયુકત સહયોગથી નિદાન કેમ્પનું આયોજન




માંડવી તાલુકામાં ટીમ દ્વારા અંધત્વનો સર્વે




